RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો સુદ -૩ મંગળવાર તા.૧૩-૧૦-૨૦૨૬ અંક : ૨૪૨ વર્ષ : ૨૧ jamnagar@aaspassaindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# સાઉદી અરેબિયામાં રેડ એલર્ટ, પ્રિન્સને કરાયા બંકરમાં શિફ્ટ

## હૂતિયોના વધતા જોરદાર એટેક વચ્ચે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા વધારી દેવાઈ



રિયાધ,

હૂતી વિદ્રોહીઓના વધતા હુમલાઓ વચ્ચે સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન ભારે સુરક્ષાવાળા બંકરયુક્ત મહેલો વચ્ચે સતત સ્થળાંતર કરી રહ્યા છે, એટલે કે તેમનું લોકેશન સતત બદલવામાં આવી રહ્યું છે.

સાઉદીએ મિસાઈલ અને ડ્રોન સંબંધિત માહિતી શેર કરવા પર કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

રિપોર્ટ્સ મુજબ, ૪૧ વર્ષીય ક્રાઉન પ્રિન્સ છેલ્લા લગભગ એક અઠવાડિયાથી જાહેરમાં નથી દેખાયા. દરમિયાન તેઓ બંકરોની સુવિધાવાળા અને કડક સુરક્ષાથી સજ્જ મહેલોમાં છે. 'વોલ સ્ટ્રીટ જર્નલ' દ્વારા તેમની ગતિવિધિઓથી પરિચિત અધિકારીઓના હવાલેથી જણાવવામાં આવ્યું છે કે સાઉદી અરેબિયા અને યમનના હૂતી વિદ્રોહીઓ વચ્ચે વધતા સંઘર્ષ અને સુરક્ષા જોખમોને જોતાં આ પગલું ભરવામાં આવ્યું છે. ક્રાઉન પ્રિન્સની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિશેષ રૂપે પસંદ કરાયેલી એક ટીમ પણ તૈનાત કરવામાં આવી છે.

આ દરમિયાન સાઉદી અરેબિયાએ છ ભાષાઓમાં એક સંદેશ જારી કર્યો છે. સાઉદીએ સ્પષ્ટ કહ્યું છે કે જો કોઈ મિસાઈલ અને ડ્રોનને રોકવાની તથા તેના પડવાની જગ્યાઓ સાથે જોડાયેલી માહિતીનું શૂટિંગ કરશે અથવા તેને શેર કરશે તો તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જે તે વ્યક્તિની ધરપકડ પણ થઈ શકે છે. સાઉદી અરેબિયાએ મે મહિનામાં 'નેશનલ અર્લી વૉર્નિંગ સિસ્ટમ' દ્વારા મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર જોખમ સાથે જોડાયેલા એલર્ટ મોકલવાનું શરૂ કર્યું હતું.

જોકે, છેલ્લા અઠવાડિયે હૂતી વિદ્રોહીઓના હુમલાઓ વધવા થવા છતાં આ સિસ્ટમે કોઈ એલર્ટ જારી નથી કર્યું. દરમિયાન, 'સિવિલ ડિફેન્સ ઓથોરિટી' ખરાબ હવામાન, વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિઓમાં લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપતી રહી છે. સોમવારે પણ આ સંબંધમાં એક એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રપતિએ બદલ્યા છ રાજ્યના રાજ્યપાલ

## ઓમ પ્રકાશ માથુરની કેરલમના રાજ્યપાલ તરીકે નિમણૂક, રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુની જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી,

દેશના છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક અને ફેરબદલ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક અને ફેરબદલ અંગેની માહિતી જાહેર કરવામાં આવી છે. આ યાદી મુજબ કેરલમ,તમિલનાડુ, સિક્કિમ, ઓડિશા, કર્ણાટક અને ઉત્તરાખંડના રાજ્યપાલોના નામોની જાહેરાત કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સિક્કિમના વર્તમાન રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરની કેરલમના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. કેરલમના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે બ્રજ મોહન રામની ઓડિશાના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તેમજ ડૉ. સુધા યાદવની કર્ણાટકના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ડૉ. ઢાલ સિંહ બિસેનની ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ ઓ.પી. માથુરના સ્થાને દુષ્યંત ગૌતમની સિક્કિમના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

# રાજસ્થાનમાં આંધીનું એલર્ટ, યુપીમાં ગંગા ઉફાન પર

## ઉત્તરાખંડમાં હિમવર્ષા; હિમાચલમાં આગામી ત્રણ દિવસ વરસાદનું એલર્ટ

જયપુર,

હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. કરા પડવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. લખનઉ સતત ૧૫મા દિવસે પણ પૂરગ્રસ્ત છે. કોલોનીઓમાં ત્રણ-ત્રણ ફૂટ સુધી પાણી ભરાયેલું છે.

રાજસ્થાનના ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાનું યલો એલર્ટ છે. બીજી તરફ, હિમાચલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતીકાલથી ફરી સક્રિય થઈ રહ્યું છે. તેના કારણે પ્રદેશમાં આગામી ચાર દિવસ સુધી વરસાદની શક્યતા છે. લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને ચંબાની વધુ ઊંચી શિખરો પર આ દરમિયાન હિમવર્ષા થઈ શકે છે.ઉત્તરાખંડના પિથોરાગઢમાં છિપલાકોટની ઊંચી શિખરો ઓક્ટોબરમાં જ બરફથી ઢંકાઈ ગઈ છે. લગભગ એક દાયકા બાદ ઓક્ટોબર મહિનામાં અહીં હિમવર્ષા થઈ રહી છે. સામાન્ય રીતે આ શિખરો પર ડિસેમ્બર-જાન્યુઆરીમાં હિમવર્ષા થાય છે.

ઉત્તરાખંડના ૭ જિલ્લાઓમાં આજે વરસાદની શક્યતા છે. તેમાં દેહરાદૂન, ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, નૈનિતાલ અને પિથોરાગઢનો સમાવેશ થાય છે. રાજસ્થાનમાં છેલ્લા દિવસોમાં થયેલા વાવાઝોડા-વરસાદ અને કરા પડવાને કારણે હવામાન બદલાઈ ગયું છે. હવામાન વિભાગ અનુસાર આજે હળવા વરસાદની શક્યતા છે.હરિયાણામાં હવામાને ફરી એકવાર કરવટ લીધી છે. સોમવારે જીંદ, સોનીપત, ગુરુગ્રામ અને રેવાડીના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો.

# ગાંધીનગર મહાપાલિકામાં ફરી ભાજપનો ભગવો લહેરાયો

## ૪૪માંથી ૩૮ ભાજપને, ૫ કોંગ્રેસ, ૧બેઠક અપક્ષને મળી: ભાજપ દ્વારા ઉજવણી

ગાંધીનગર,

૪૪ બેઠકમાંથી ૩૮ પર ભાજપનો કબજો, વોર્ડ ૬માં કોંગેસની પેનલ જીતી, અપક્ષને ફાળે એક બેઠક

ગાંધીનગર મહાપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠક પરનું ચૂંટણી પરિણામનું સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપની ૩૮, કોંગ્રેસની ૫ અને અપક્ષની ૧ બેઠક પર જીત થઈ છે. આ વખતે ૧૧ માંથી ૨ પેનલ તૂટી છે અને ૯ પેનલ આખી વિજેતા થઈ છે જેમાં ૮ પેનલ ભાજપની અને ૧ પેનલ કોંગ્રેસની વિજેતા થઈ છે. ૧૧ ઓક્ટોબરે થયેલી આ વખતની






ચૂંટણીમાં સરેરાશ ૫૯.૨૫% મતદાન નોંધાયું, જેમાં કુલ ૨,૫૯,૯૮૫ મતદારોમાંથી નોંધાયેલા ૧,૫૪,૦૪૫ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.ચૂંટણીના પરિણામમાં ભાજપે મોટાભાગના વોર્ડમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. વોર્ડ નંબર ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦ અને ૧૧ માં ભાજપે તમામ ૪-૪ બેઠકો પર જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યું છે. વોર્ડ નંબર ૨માં ભાજપને ૩ બેઠકો મળી છે અને ૧ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. જ્યારે વોર્ડ નંબર ૭માં ભાજપને ૩ બેઠકો અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે.

# સુપ્રીમમાં રાહુલ સહિતે જ્ઞાનેશકુમાર વિરુદ્ધ કરેલી અરજીમાં ૧૪ ભૂલો

## રાહુલ ગાંધી સહીત વિપક્ષી નેતાઓ અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિત ૧૧ વિપક્ષી નેતાઓ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં લગભગ ૧૪ ખામીઓ દર્શાવી છે. આ અરજી મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનમાં મોટા પાયે નામો હટાવવા અને ગેરરીતિઓના આરોપો સાથે સંબંધિત છે.

સમાચાર એજન્સી PTI અનુસાર, રજિસ્ટ્રીએ અરજી દાખલ કરનાર વકીલ પાસેથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આઈડી કાર્ડની સ્પષ્ટ નકલ માંગી છે. સાથે જ જણાવ્યું કે રજૂ કરાયેલા દસ્તાવેજોના કેટલાક પાના વાંચી શકાય તેવા નથી. કેટલાક પાના ગુમ છે. કોર્ટ ફી પણ ૨૨૦ રૂપિયા ઓછી જમા કરવામાં આવી છે.૧૨ ઑક્ટોબરે દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો સુખબીરસિંહ સંધુ તથા વિવેક જોશીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.રાહુલ ગાંધી અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ સોમવારે અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા.

અરજીમાં નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. તેમાં તકનીકી નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત નાગરિકોને પણ સામેલ કરવાની માંગ છે. આ સમિતિ નિર્ધારિત સમય મર્યાદામાં જીંઈ દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામો અને કરવામાં આવેલા ફેરફારોનું સ્વતંત્ર ઓડિટ કરે તેમ આ અરજીમાં કહેવામાં આવ્યું છે.

### રાહુલના ઘરે આજે વિપક્ષી સાંસદોની ચા ઉપર ચર્ચા

આગળની રણનીતિ નક્કી કરવા માટે રાહુલેઆજે મંગળવારે સાંજે તમામ વિપક્ષી સાંસદોને પોતાના સુનહરી બાગ રોડ સ્થિત ઘરે ચા માટે બોલાવ્યા છે. આ દરમિયાન મતચોરી વિરુદ્ધ સંયુક્ત વિરોધ-પ્રદર્શનની રણનીતિ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું કે 'હાઈ ટી' બાદ વિરોધ-પ્રદર્શન અથવા સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ પણ થઈ શકે છે, પરંતુ આ યોજનાની માહિતી હજુ ગુપ્ત રાખવામાં આવી છે.

# બેંક ભરતી કૌભાંડ-CBIના ૬ રાજ્યોમાં દરોડા

## ૪ની ધરપકડ :૫ વર્ષ જૂના રેકોર્ડ તપાસ્યા, આંખોના સ્કેનમાં ૧૭૨ નકલી અધિકારીઓ મળ્યા

નવીદિલ્હી,

સીબીઆઈએ બેંક ભરતીમાં પાંચ વર્ષ જૂના ડેટાની તપાસ કરીને નોકરી મેળવનારા નકલી ઉમેદવારોનો ખુલાસો કર્યો છે. પરીક્ષા દરમિયાન એકત્ર કરાયેલા આંખોના સ્કેનદ્વારા છેતરપિંડીથી નોકરી મેળવનારા ૨૫૭ શંકાસ્પદ ઉમેદવારો મળી આવ્યા છે.

આમાંથી ૧૭૨ ઉમેદવારો અલગ-અલગ બેંકોમાં નોકરી કરી રહ્યા હતા. સીબીઆઈ હવે દેશભરમાં અન્ય નકલી અધિકારીઓની શોધમાં લાગી છે. આઈબીપીએસે આ તમામ કાર્યરત લોકો ઉપરાંત અન્ય શંકાસ્પદ ઉમેદવારોને પણ આજીવન પરીક્ષામાંથી ડિબાર કરી દીધા છે.સંબંધિત બેંકોને તેમના સર્વિસ નિયમો હેઠળ કડક કાર્યવાહી કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. હવે તેમની નોકરી જવાની સાથે ધરપકડની તલવાર પણ




લટકી રહી છે. સીબીઆઈએ અત્યાર સુધીમાં ચાર લોકોની ધરપકડ કરી છે, જ્યારે ૧૩૫ લોકોને આરોપી બનાવ્યા છે. આ સંદર્ભે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં આરોપીઓની ધરપકડ અને કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં તો આ મામલે તપાસ બાદ ગ્રામીણ બેંકના ૧૯ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ ૮ ઑક્ટોબરે જણાવ્યું હતું કે ઝ્રમ્ૈંની સ્પેશિયલ ટાસ્ક બ્રાન્ચ, મુંબઈએ અનેક રાજ્યોમાં એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ઇન્સ્ટિટ્યૂટ ઑફ બેન્કિંગ પર્સનલ સિલેક્શનની ફરિયાદના આધારે નોંધાયેલી હ્લૈંઇ બાદ કરવામાં આવી હતી.ૈંમ્જીએ બેન્ક ભરતી પરીક્ષાઓના ઉમેદવારોના ફોટા અને બાયોમેટ્રિક રેકોર્ડની ફરી તપાસ કરી હતી. તેમાં સામે આવ્યું કે કેટલાક ઉમેદવારોની જગ્યાએ અન્ય લોકોએ પરીક્ષા આપી હતી. ફોટા અને બાયોમેટ્રિક ઓળખમાં તફાવત મળતાં શંકાસ્પદ કર્મચારીઓની ઓળખ કરવામાં આવી હતી.૨૦૨૦થી ૨૦૨૪ સુધીની ભરતી પરીક્ષાઓના રેકોર્ડની ફરીથી તપાસ કરવામાં આવી. આ વખતે પરીક્ષા સમયે લેવામાં આવેલા ઉમેદવારોના આઈરિસ સ્કેન સાથે સરખામણી કરવામાં આવી હતી.

# ૯૬ ટકા વસ્તી મુસ્લિમ, છતાં અઝરબૈજાન દેશ ધર્મનિરપેક્ષ

## હિજાબ પહેરીને સ્કૂલે પહોંચેલી કેટલીક વિદ્યાર્થિનીઓ,શિક્ષકોને પ્રવેશ ન અપાતા વિવાદ

અઝરબૈજાન,

મુસ્લિમ બહુમતી ધરાવતા અઝરબૈજાનમાં સ્કૂલઓમાં હિજાબ પહેરવાના મુદ્દે વિવાદ ઊભો થયો છે. સરકાર દ્વારા ડ્રેસ કોડના નિયમોમાં ફેરફાર કરાયા બાદ હિજાબ પહેરીને સ્કૂલએ પહોંચેલી કેટલીક વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોને વર્ગખંડમાં પ્રવેશ અપાયો નહોતો.

આ નિર્ણયના વિરોધમાં અનેક સ્કૂલોના વિદ્યાર્થીઓએ વર્ગોનો બહિષ્કાર કર્યો હોવાની સ્થાનિક માધ્યમોએ જાણકારી આપી હતી. આ મુદ્દે અઝરબૈજાનની બહાર, પડોશી દેશ તુર્કિયેમાં પણ વિરોધ પ્રદર્શન થયાં છે.

અઝરબૈજાન સરકારનું કહેવું છે કે સ્કૂલઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે સમાન ડ્રેસ કોડ હોવો જોઈએ. નવા નિયમોમાં હિજાબનો સીધો ઉલ્લેખ કરીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી, પરંતુ સરકારના ધર્મનિરપેક્ષ માળખા સાથે અસંગત ગણાતાં કપડાં પર નિયંત્રણો લાદવામાં આવ્યા છે. સરકારે એમ પણ જણાવ્યું છે કે દેશની સંસ્કૃતિ અને રાષ્ટ્રીય પરંપરાઓ સાથે જોડાયેલાં કપડાં ખાસ પ્રસંગોએ પહેરી શકાય છે. જોકે, તેના માટે સ્કૂલની સંબંધિત સમિતિની મંજૂરી લેવી જરૂરી રહેશે.

અઝરબૈજાનની આશરે ૯૬ ટકા વસ્તી મુસ્લિમ છે. તેમાં શિયા મુસ્લિમોની બહુમતી છે, જ્યારે સુન્ની મુસ્લિમો પણ નોંધપાત્ર સંખ્યામાં છે. આમ છતાં, દેશનું બંધારણ અઝરબૈજાનને ધર્મનિરપેક્ષ રાજ્ય તરીકે ઓળખાવે છે અને નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપે છે. સરકાર સમાન ડ્રેસ કોડના અમલ પર ભાર મૂકી રહી છે, જ્યારે વિરોધ કરનારાઓનું કહેવું છે કે હિજાબ પહેરવો એ વ્યક્તિની ધાર્મિક આસ્થા અને અંગત પસંદગીનો વિષય છે.

# સૌરવ દાસ અને આશુતોષ રાંકા સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપીને ગેટ કૂદી પરિસરમાં દાખલ થતા કરાઈ અટકાયત

## જંતર-મંતર ખાતે કેન્દ્રના આદેશને પડકારતા CJPના વિરોધ પ્રદર્શનકારીઓ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કર્યાના એક દિવસ બાદ, મંગળવારે વહેલી સવારે 'કોકરોચ જનતા પાર્ટી'ના સ્વયંસેવકોનું એક જૂથ તેના નેતાઓ આશુતોષ રંકા અને સૌરવ દાસના નેતૃત્વમાં ત્યાં પહોંચ્યું હતું.અભિજીત દીપકે જંતર-મંતર ખાતેના એક અચાનક યોજાયેલા વિરોધ પ્રદર્શનનો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં CJPના સ્વયંસેવકો વિરોધ કરવા માટે જંતર-મંતર પહોંચવા લોખંડનો ગેટ અને પોલીસ બેરિકેડ ઓળંગતા જોવા મળ્યા હતા.

વિરોધ પ્રદર્શનના વીડિયોમાં, CJPના નેતા રંકા અને દાસ તેમજ કેટલાક સ્વયંસેવકો હાથમાં ધ્વજ લઈને ગેટ કુદીને વિરોધ પ્રદર્શન કરવા માટે તે વિસ્તારમાં પ્રવેશતા જોવા મળે છે. ત્યાં તૈનાત પોલીસે જ્યારે તેમનો પીછો કર્યો ત્યારે જૂથે સૂત્રોચ્ચાર કર્યા હતા. 'ભારત માતા કી જય' અને 'ઇન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવતી વખતે તેમને રોકવાનો પ્રયાસ કરનાર પોલીસ સાથે પ્રદર્શનકારીઓની થોડી ઝપાઝપી પણ થઈ હતી. બાદમાં પ્રદર્શનકારીઓની અટકાયત કરીને તેમને ત્યાંથી લઈ જવામાં આવ્યા હતા.



"તમે પ્રતિકારને 'ડી-નોટિફાય' કરી શકતા નથી," તેમ મક્કમ દીપકે જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કરવાના કેન્દ્રના આદેશને પડકારતા પોસ્ટ કર્યું.

કેન્દ્ર સરકાર દ્વારા જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કર્યાના એક દિવસ બાદ, મંગળવારે વહેલી સવારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના સ્વયંસેવકોનું એક જૂથ તેના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસના નેતૃત્વમાં ત્યાં પહોંચ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

# જામનગરના પ્રદર્શન મેદાનમાં નવરાત્રી પર્વ માટે વિશેષ "સ્વદેશી હસ્તકલા હાટ"નો શુભારંભ કરાવતાં શિક્ષણ મંત્રી





જામનગર : ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ કાર્યરત ઈન્ડેક્સ્ટ-સી દ્વારા જામનગરના પ્રદર્શન મેદાન ખાતે તા. ૧૧-૧૦થી તા. ૧૭-૧૦ દરમિયાન ૭ દિવસીય "સ્વદેશી હસ્તકલા હાટ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જેનો શુભારંભ શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ મેળાને ખુલ્લો મૂકી વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી, સ્થાનિક કારીગરો દ્વારા નિર્મિત સ્વદેશી વસ્તુઓની ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી અને ડિજિટલ ઈન્ડિયાના અભિગમને વેગ આપતાં ઓનલાઈન ચુકવણું કર્યું હતું.

રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં હસ્તકલા-હાથશાળ, કુટિર અને ગ્રામોદ્યોગની વંશપરંપરાગત કલાને જીવંત રાખી કલાકૃતિનું સર્જન કરતા કારીગરોને સીધું જ માર્કેટીગ પ્લેટફોર્મ પૂરું પાડી તેમની આજીવિકામાં વધારો કરવાના હેતુથી આ હાટનું આયોજન કરાયું છે. આ મેળાનો સમય દરરોજ સવારે ૧૧ કલાક થી રાત્રિના ૯ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ જેવા કે અમદાવાદ, જામનગર, રાજકોટ, આણંદ, વડોદરા, દેવભૂમિ-દ્વારકા, બનાસકાંઠા, ગાંધીનગર, જુનાગઢ તેમજ ભરૂચ, બોટાદ, પોરબંદર, કચ્છ, સુરેન્દ્રનગર, સુરત અને મહેસાણા સહિતના જિલ્લાઓમાંથી ૭૧ જેટલા કારીગરો, હસ્તકલા-હાથશાળ મંડળીઓ, સખી મંડળો અને ક્લસ્ટર્સના કારીગરો ભાગ લઈ રહ્યા છે.

આ હસ્તકલા હાટમાં કારીગરો દ્વારા ભાતીગળ અને વૈવિધ્યપૂર્ણ ચીજવસ્તુઓ જેવી કે ભરતકામ, બાંબુવર્ક, લેધરવર્ક, ઈમિટેશન જ્વેલરી, પેચવર્ક, મોતીકામ, વુલનીટીંગ, બ્લોક પ્રિન્ટીંગ અને માટીકામની સુંદર વસ્તુઓ પ્રદર્શન-સહ-વેચાણ અર્થે મૂકવામાં આવી છે. સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન પૂરું પાડવા અને કલાત્મક ચીજવસ્તુઓની સીધી ખરીદી કરવા મંત્રી રિવાબા જાડેજા તથા ઈન્ડેક્સ્ટ-સી ના કાર્યવાહક નિયામક ડો. એસ. જે. જોશી દ્વારા જામનગરની જનતાને મુલાકાત લેવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મેયર મોનીકાબેન વ્યાસ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી, શાશક પક્ષ નેતા અમર મોદી, શહેર પ્રાંત અધિકારી સુધીર બારડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ દ્વારા ૪૧માં સમુહલગ્નનું આયોજન

જામનગર : શ્રી સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ જામનગર દ્વારા ફકત ખવાસ જ્ઞાતિના તમામ લોકો માટે તા. ૨૪-૧-૨૦૨૭ને રવિવારના રોજ ૪૧માં સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેના ફોર્મ તા. ૧-૧૦-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરી સુરેશ બુક સ્ટોર્સ, ખાદી ભંડાર સામે, જામનગર તથા રૂપાલી ઝેરોક્ષ, ત્રણ દરવાજા પાસે જામનગર મુકામે ફોર્મ મેળવી જમા કરાવવા રહેશે.

આ ફોર્મ જમા કરાવતી વખતે વર-કન્યા પક્ષને ૧) વર તથા કન્યાના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ ૨) વર તથા કન્યાના આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડની નકલ ૩) વર તથા કન્યાના રાશનકાર્ડની નકલ ૪) કન્યાના બેંક ખાતાની નકલ (૫) વર તથા કન્યાના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત અંગેનો દાખલો (જાતીનો દાખલો) ૬) વર તથા કન્યાના માતા-પિતાના આધાર કાર્ડની નકલ ૭) કન્યાના પિતાનો આવકનો દાખલો તથા ૮) વર તથા કન્યાના પાસપોર્ટ સાઈઝના ફોટા (નંગ-૩)ના દસ્તાવેજો આપવાના રહેશે. સમય વિત્યા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. વધુ માહિતી માટે ૧) સુમિત આર. સોલંકી, એડવોકેટ (મો) ૯૯૨૪૯ ૨૧૪૫૦ તથા ૨) કપીલભાઈ પાંડવ (મો) ૭૯૯૦૦ ૭૭૩૦૫ ૩) હિતેષભાઈ પરમાર એડવોકેટ (મો) ૯૪૨૮૭ ૨૫૯૬૮ તથા ૪) અશ્વિનભાઈ બારડ (એડવોકેટ) (મો) ૯૮૯૮૪ ૯૫૫૩૭ ઉપર સંપર્ક કરી શકશો.

ઉપરોક્ત સમય મર્યાદા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે જેની ખવાસ જ્ઞાતિના તમામ લોકોને શ્રી સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ દ્વારા ખાસ નોંધ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

## જામનગરની ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે માનસિક સ્વાસ્થ્ય સત્રનું આયોજન




જામનગર : જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના કાઉન્સિલ હોલમાં માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગેનું સત્ર બ્રિધિંગ સ્ટેશન્સ પહેલના પ્રોજેક્ટ ચેરશ્રી દર્શિત સોલાણીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

જામનગરના રોટરી ક્લબ ઑફ ઈમેજિકાના મુખ્ય તાલીમકાર ડૉ. કૌશિક નારિયાએ સત્રનું સંચાલન કર્યું હતું. તેમણે માનસિક અને શારીરિક સુખાકારી માટે સજાગ રીતે શ્વાસ લેવાનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિતોએ માર્ગદર્શન હેઠળ શ્વાસ કસરત કરી અને થોભો, શ્વાસ લો તથા મનને ફરી સજાગ કરો. આ પદ્ધતિનો અભ્યાસ કર્યો હતો.

રોટરી ક્લબ ઑફ ઈમેજિકાના પ્રમુખ હરદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે તેમની સંસ્થા દ્વારા "બ્રિધિંગ સ્ટેશન્સ" પહેલ શરૂ કરવામાં આવી છે. આ મિશનને આગળ વધારવા માટે સ્વયંસેવકોની નિમણૂક કરવામાં આવશે, જે કોલેજ પરિસરમાં લોકોને શ્વાસની કસરતો કરવા પ્રેરિત કરશે. કાર્યક્રમમાં ડેન્ટલ કોલેજના વિદ્યાર્થીઓ, ડોક્ટરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકા કલેકટર કચેરી ખાતે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત પરિસંવાદ યોજાયો




જામનગર : ભારત સરકાર દ્વારા દર વર્ષે તા.૦૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન 'RTI Week Celebration'નું આયોજન કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે "માહિતી અધિકાર સપ્તાહ ઉજવણી - ૨૦૨૬" અંતર્ગત પરિસંવાદ રાજ્ય મુખ્ય માહિતી કમિશનર નિખિલ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પરિસંવાદમાં જામનગર કલેક્ટર કચેરી ખાતેથી કલેક્ટર પી.બી.પંડ્યા સહિતના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પરિસંવાદમાં જોડાયા હતા.

પરિસંવાદમાં રાજ્ય માહિતી કમિશનર નિખિલ ભટ્ટે જણાવ્યું હતું કે, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ દ્વારા નાગરિકોને સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક માહિતી મળવી જોઈએ. રાજ્યનો નાગરિક આ કાયદા હેઠળ જાહેર હિતની કોઈપણ જાહેર સત્તામંડળ પાસેથી માહિતી મેળવી શકે છે. જાહેર સત્તામંડળોએ કાયદામાં નિયત કરેલ સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવી જોઈએ અને જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ સત્તાધિકારીઓ દ્વારા માહિતી આપવામાં જે ક્ષતિઓ રહી જાય છે તે કેવી રીતે નિવારી શકાય તેની ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી.

આ કાયદા અંતર્ગત પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતી અધિનિયમની વિવિધ જોગવાઈઓ, ઈ અરજીઓનો સમયસર નિકાલ, જાહેર માહિતી અધિકારી ( )ની જવાબદારીઓ, માહિતી પૂરી પાડવાની પ્રક્રિયા તથા પ્રથમ અપીલ સંબંધિત કાર્યવાહી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, જાહેર કરી શકાય તેવી માહિતી અરજીઓના સમયમર્યાદામાં નિકાલ, સંબંધિત રેકોર્ડની જાળવણી તથા ત્રાહિત પક્ષકારની માહિતી અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તેમજ દરેક વિભાગ- સંબંધિત કચેરીઓ પ્રો-એક્ટિવ ડિસ્ક્લોઝર નિયમોનુસાર તૈયાર કરવા તથા તેને અદ્યતન રાખવા અંગેની રાજ્ય માહિતી કમિશનર નિખિલ ભટ્ટે ભારપૂર્વક સમજ આપી હતી. જેથી મળતી અરજીઓનો ઝડપથી નિકાલ કરી શકાય અને નાગરિકોને જરૂરી માહિતી વેબસાઈટ અથવા કચેરીના નોટિસ બોર્ડ ઉપરથી મળી રહે.

આ પરિસંવાદમાં આર.ટી.આઇ. વીડીયો-પોડકાસ્ટ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં આર.ટી.આઈ અધિનિયમની વિવિધ કલમોની માહિતી વિસ્તૃત સ્વરૂપે આપવામાં આવી હતી.? પરિસંવાદમાં સહભાગી એવા તમામ અધિકારી-કર્મચારીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આર.ટી.આઈ અધિનિયમની માહિતી વિસ્તૃત રીતે પુરી પાડવામાં આવી હતી. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત યોજાયેલ સેમિનારમાં જામનગર કલેક્ટર કચેરી ખાતેથી વિડિઓ કોન્ફરન્સમાં માધ્યમથી જિલ્લા વિકાસ અધિકારી નિશા, જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, વિવિધ કચેરીઓના જાહેર માહિતી અધિકારીઓ, જાહેર માહિતી અપીલ અધિકારીઓ વગેરે જોડાયા હતા.

## કલ્યાણપુર તાલુકામાં ઘાસચારો, પાણી અને રાહત કામ ચાલુ કરવા ટીડીઓને રજૂઆત



ખંભાળિયા : ચાલુ વર્ષે ચોમાસુ નિષ્ફળ જતા સમગ્ર ગુજરાત રાજ્યમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં પાણી અને રાહત કામ ચાલુ કરવા કલ્યાણપુર તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા ટીડીઓને રજૂઆત કરવામાં આવી છે.

હાલ લગભગ જગ્યાએ વરસાદ નહીવત પડતા પાણીની અછત જોવા મળી રહી છે તો બીજીતરફ ગામડામાં ખેતીની જમીન માટે પૂરતી પાણીની વ્યવસ્થા નહી હોવાથી પશુઓ માટે ઘાસચારો મેળવવો પણ મુશ્કેલ છે તો ખેતમજુરી પણ લોકોને મળવી કપરી છે તેવામાં દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા તાલુકા વિકાસ અધિકારીને ઘાસચારો, પાણી અને રાહત કામ શરૂ કરવા અંગેની રજૂઆત કરી માંગ કરાઈ છે.

## જામનગર ગ્રામ્ય તથા કાલાવડ તાલુકાઓમાં ફટાકડા માટે અરજી કરવાની રહેશે

જામનગર : જામનગર ગ્રામ્ય તથા કાલાવડ તાલુકાઓમાં આગામી દિવાળી - નૂતનવર્ષના તહેવારોને અનુલક્ષીને મર્યાદિત જથ્થામાં ફટાકડા સંગ્રહ / વેચાણ માટે હંગામી પરવાનાની જરૂરીયાત હોય તેવી વ્યકિતઓએ નિયત નમુનાઓમાં જરૂરી આધાર-પુરાવાઓ સાથેની અરજી ફોર્મ જામનગર ગ્રામ્ય અને કાલાવડ મામલતદાર કચેરી ખાતે તા.૧૯ ઓક્ટોબર સુધીમાં મેળવી રજૂ કરવાના રહેશે. બાદમાં નિયમોનુસાર તપાસનીશ અધિકારીશ્રીઓના અભિપ્રાયો મેળવી પરવાનો આપવા અંગેની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તા.૧૯/૧૦ બાદ રજુ થયેલ ફટાકડા સંગ્રહ વેચાણ માટેના પરવાના બાબતની અરજીઓ કોઈ પણ સંજોગોમા વિચારણામા લેવામા આવશે નહી. જેની સંબંધકર્તા એ નોંધ લેવી. દિવાળી તહેવારની ઉજવણી અંગે સરકાર દ્વારા અન્ય કોઈ ગાઈડલાઈન બહાર પાડવામા આવશે તો તે આખરી ગણાશે. તેમ જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ખેલ મહાકુંભ અને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વરવાળા પી.એમ. શ્રી પ્રા.શાળાની સિદ્ધિ




મીઠાપુર : પી.એ. શ્રી વરવાળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ તેમજ ક્લસ્ટર કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શાનદાર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ખેલમહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની અંડર-૧૪ બોયઝ વોલીબોલ સ્પર્ધામાં શાળાની ટીમે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આ સાથે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૬ અંતર્ગત ક્લસ્ટર કક્ષાએ વિભાગ-૨માં 'હવાનું પ્રદૂષણ નિયંત્રક' વિષય પર સ્માર્ટ વર્કિંગ મોડલ રજૂ કરી વિદ્યાર્થીઓએ તેમાં પણ પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.

વિદ્યાર્થીઓની આ બેવડી સફળતા બદલ શાળાના ઉત્સાહી આચાર્યા રિમ્પલબેનની આગેવાનીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ માર્ગદર્શક શિક્ષિકા મોવલીયા નિરૂપાબેન, નંદાણીયા કૃપાલીબેન તથા યોગ-સ્પોર્ટ્સ કોચ મેર વિપુલભાઈ સહિત સમગ્ર શાળા પરિવારને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને શાળાની શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સફળતા તરીકે બિરદાવવામાં આવી હતી.

## જામનગરના રઘુવંશી કલરવ પરિવાર દ્વારા વેલકમ નવરાત્રી મહોત્સવ યોજાયો




જામનગર : જામનગરના આંગણે રઘુવંશી સમાજની માન, મર્યાદા, મોભો એવા રઘુવંશી કલરવ પરિવાર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ માઁ જગદંબાના આશિર્વાદથી નવરાત્રી પર્વના આગમનરૂપે જામનગર રઘુવંશી કલરવ પરિવાર દ્વારા જામનગર શહેરના સમગ્ર રઘુવંશી સમાજના પરિવારો માટે વેલકમ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

જામનગરના સમગ્ર રઘુવંશી પરિવારના બાળકોથી માંડી યુવાનો તેમજ વડીલો સહિત દરેક લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જામનગર રઘુવંશી કલરવ પરિવાર દ્વારા આયોજીત જામનગર શહેરના સમગ્ર રઘુવંશી સમાજ માટે વેલકમ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ તા. ૨૭-૦૮-૨૦૨૬, રવિવારના રોજ જામનગર-ખંભાળીયા બાયપાસ રોડ 'ચાચા ભત્રીજા પાર્ટી પ્લોટ' પર ઉજવવામાં આવેલ હતો.

આ રાસોત્સવમાં જામનગર શહેરના રઘુવંશી સમાજના મોટી સંખ્યામાં ખેલૈયાની ઉપસ્થિત રહી પોતાની કૃતિઓ પ્રસ્તુત કરેલ હતી જેમાં તાલીરાસ, જોડીરાસ, ફ્રી સ્ટાઈલ સાથે રાસોત્સવ રચી ઉપસ્થિત સર્વે આમંત્રીત મહેમાનો તેમજ રઘુવંશી પરિવાર સમક્ષ રજુ કરેલ. આ તકે જામનગર લોહાણા સમાજના પ્રમુખ શ્રી ભરતભાઈ મોદી, આકાશભાઈ રાયઠઠ્ઠા, જામનગર વિરદાદા જશરાજ યુવા ફાઉન્ડેશનના પ્રમુખ ભરતભાઈ કાનાબાર, જાણીતા એડવોકેટ હેમલભાઈ ચોટાઈ, યોગેશભાઈ વિઠલાણી, મુકેશભાઈ દાસાણી વગેરે સહિતના જામનગર શહેરના રઘુવંશી અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રઘુવંશી કલરવ પરિવારના ફાઉન્ડર શ્રીમતિ તૃપ્તિબેન ગંધા, વિમલભાઈ ગંધા, શ્રીમતિ અલ્કાબેન વિઠલાણી, દિપકભાઈ વિઠલાણી, શ્રીમતિ મીતાબેન મોદી, શ્રીમતિ અલ્પાબેન મશરૂ વગેરે એ જહેમત ઉઠાવેલ હતી. તેમજ રાસોત્સવના નિર્ણાયક તરીકે દિપાલીબેન વ્યાસ, વૃતિ પાબારી તેમજ મીનાબેન દાસાણીએ મહત્વની ભુમિકા ભજવેલ હતી.

# જામનગરમાં નવરાત્રી ટાણે જ ફૂલોના ભાવમાં ૪૦ ટકાનો ઉછાળો આવતા ભડકો

## ગુલાબ, ગલગોટા, પીળા ફૂલ અને હારના ભાવ આસમાને છતાં માંગ બમણી, વરસાદની ઘટથી સ્થાનિક ઉત્પાદન ઘટ્યું : મુંબઈથી આવતા ફૂલ પર વેપારીઓ નિર્ભર





જામનગર : નવરાત્રીનો પ્રારંભ થતાંની સાથે જ જામનગરની ફૂલ બજારમાં પરંપરા અનુસાર ફૂલની માંગમાં બમણો વધારો થયો છે. સાથે જ વરસાદની ઘટ, ઓછું ઉત્પાદન અને ઈંધણના ભાવ વધારાને લઈ ફૂલના ભાવમાં ૪૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે. નવરાત્રી નિમિત્તે માતાજીની પુજા અર્ચનામાં પરંપરાગત રીતે ઉપયોગમાં લેવાતા ફૂલ, હાર સહિતના ભાવમાં વધારો નોંધાયો છે. છતાં ભક્તોની ખરીદી અકબંધ રહી છે.

જામનગરના એ-વન ડોલર્સના વેપારીના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે નવરાત્રીના પ્રારંભ સાથે જ ફૂલોના ભાવમાં અંદાજે ૪૦ ટકા સુધીનો જેટલો વધારો નોંધાયો છે. વરસાદને લીધે સ્થાનીક બજારમાં ઉત્પાદ સાવ ઓછું હોવાથી જામનગરમાં મુખ્યત્વે મુંબઈ, અમદાવાદ સહિતના મોટા માર્કેટમાંથી પીળા ફૂલ, ગલગોટા, ગુલાબ જેવા જાત જાતના ફૂલ આવે છે. હાલ માંગમાં ઉછાળો અને ઉત્પાદનમાં ઘટાડો હોવાથી ભાવ ઊંચકાયા છે. તહેવાર અને લગ્નસરામાં ભાવ વધારો અકબંધ રહેશે.

પીળા ફૂલ જે બે માસ અગાઉ કિલોના રૂ. ૧૦૦થી ૧૫૦માં વેંચાતા હતા તે સીધા હવે કિલોના સીધા રૂ. ૨૦૦ એ પહોંચ્યા છે. ગુલાબની વાત કરીએ તો સ્ટિક વાળા ગુલાબ જે રૂ.૩૦ નંગમાં વેંચાઈ રહ્યા છે. કિલો દીઠ ગુલાબના ભાવ અગાઉ રૂ. ૨૦૦ સુધી હતા તે હવે રૂ.૩૦૦ થી પણ વધી ગયા છે. ગલગોટા પણ અગાઉ ૧૫૦ ની રેન્જમાં વેંચાતા હતા તેના હાલ ભાવ રૂ. ૨૦૦ થી ૨૫૦ એ સ્થિર થયા છે. હાલ પ્રતિ કિલોના ભાવ વધ્યા છે. કાશ્મીરી ગુલાબ, સાદા ગુલાબ, ડિવાઈ ગુલાબ, ઈંગ્લીશ ગુલાબ, બુકેના ફૂલ, હજારી ગુલાબમાં પણ ભાવ વધારો જોવા મળી રહ્યો છે. હાલ ફૂલના હારની સૌથી વધુ માંગ રહે છે. જે હાલ પ્રથમ ૨૦ થી ૩૦ રૂપિયામાં મળતા હતા. તેના અત્યારે ૫૦ રૂપિયા ભાવ થયા છે.

વરસાદની ઘટને લીધે સ્થાનિક ઉત્પાદન નહિવત જામનગરના મોખાણાં સહિતના આજુબાજુના ગામોમાં ફૂલની ખેતી થાય છે પણ આ વખતે વરસાદની ઘટ હોવાથી જ્યાં દરરોજ ખેડૂતોના ખેતરમાંથી ૨૦થી ૩૦ કિલો ફૂલ ઉતરતા હતા. તે હવે માત્ર ૫ થી ૭ કિલો જ ઉતરે છે. જે સ્થાનિક બજારમાં પૂરતા ન હોવાથી મુંબઈ સહિતના શહેરોમાંથી માલ આવે છે. અત્યારે ઈંધણને લીધે ટ્રાન્સપોટેશન તથા રેલવે સ્ટેશન ખાતે જથ્થો ઉતારવાના દરમાં પણ વધારો થતા ભાવ વધ્યા છે. જેમ લગ્નગાળો નજીક આવશે તેમ પણ ફૂલની માંગ અને ભાવ વધી શકે છે.

## જામનગર શહેર-જિલ્લામાં દેશી દારૂ અંગે પાંચ સ્થળે દરોડા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં દેશી દારૂના ગેરકાયદે સંગ્રહ અને વેચાણની પ્રવૃત્તિઓ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. શહેરના સોનલનગર અને બાવરીવાસ વિસ્તાર ઉપરાંત જોડિયા, જામજોધપુર અને ધ્રોલ પંથકમાં જુદા જુદા સ્થળોએ દરોડા પાડી ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે, જ્યારે એક મહિલા સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર શહેરના સોનલનગર હનુમાન ટેકરી વિસ્તારમાં વાછરાડાડાના મંદિર નજીક આવેલા રહેણાંક મકાનમાં દેશી દારૂના વેચાણની બાતમીના આધારે સીટી 'સી' ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં મંગાભાઈ કુંભાભાઈ માયાણીના મકાનમાંથી રૂ. ૨,૦૦૦ની કિંમતનો ૧૦ લિટર દેશી દારૂ મળી આવતાં પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપી સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો હતો.

બીજા બનાવમાં જામનગરના ખુલ્લી ફાટક નજીક બાવરીવાસ વિસ્તારમાં સીતા મહેશ કાંગી નામની મહિલાના ઝૂંપડામાં સીટી 'સી' ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં ઝૂંપડામાંથી પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરેલો પાંચ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે મહિલા હાજર મળી આવી ન હોવાથી પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

જ્યારે જોડિયા તાલુકાના ભીમકટા ગામના બસ સ્ટેશન નજીક પોલીસ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં ઊભેલા લાલજીભાઈ બબુભાઈ મકવાણાની તપાસ કરતાં તેમની પાસેથી પ્લાસ્ટિકની થેલીમાં રહેલી સાત કોથળીઓમાંથી ત્રણ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૬૦૦ની કિંમતનો દારૂ કબજે કરી આરોપી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત જામજોધપુરના ચણવા ઓટા નજીક જગનેશભાઈ બુધગરભાઈ મેઘનાથી પાસેથી કાપડની થેલીમાં રહેલી ચાર કોથળીઓમાંથી બે લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૪૦૦ની કિંમતનો દારૂ કબજે કરી યુવક સામે પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે ધ્રોલ તાલુકાના સણોસરા ગામની સીમમાં દરોડો પાડી દેકકડ ગામના વિજયસિંહ ઉદુભા જાડેજા પાસરથી એક લિટર દેશી દારૂ મળી આવતા આરોપી સામે ગુનો નોંધ્યો હતો.

## દ્વારકામાં રઘુવંશી ખેલૈયાઓ માટે નવરાત્રી મહોત્સવનું આયોજન

દ્વારકા : દ્વારકામાં સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા દ્વારકાના રઘુવંશી ખેલૈયાઓ માટે ભથાણ ચોકમાં આવેલી જુની ગૌશાળાના વિશાળ પટાંગણમાં નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ રાસોત્સવમાં ફક્ત રઘુવંશી પરિવારના સભ્યો દ્વારા પરંપરાંગત રાસગરબાની રમઝટ સાથે માતાજીની આરાધના તેમજ સમાજની એક્તાનો ઉત્સવ મનાવાશે. આ મહોત્સવમાં દ્વારકાના રઘુવંશી ભાઈઓ તથા બહેનોએ જોડાવવા રઘુવંશી સમાજ દ્વારા જણાવાયું છે.

## ઓખામાં બોટમાંથી પડી જતા માછીમાર વૃદ્ધનું ડુબી જવાથી મોત

દ્વારકા : દ્વારકા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અપમૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં ઓખાના દરિયામાં બોટ પરથી પડી જતા માછીમાર વૃદ્ધનું અને ખંભાળિયામાં બે વૃદ્ધ જેમાં એકનું હૃદયરોગના હુમલાથી અને અન્યનું કિડની બીમારીથી મૃત્યુ નિપજ્યું છે.

પ્રથમ બનાવ હાલ ઓખામાં આર. કે. બંદર ખાતે રહેતા ધીરુભાઈ સોમાભાઈ ટંડેલ નામના ૬૫ વર્ષના માછીમાર વૃદ્ધ ગત તા. ૯ ના રોજ રાત્રિના આઠેક વાગ્યે તેમની લક્ષ્મીનારાયણ નામની બોટમાં હોય દરમ્યાન કોઈ કારણસર તેઓ બોટમાંથી પડી જતા અને દરિયાના પાણીમાં ડૂબી જતા મોતને ભેટ્યા હતા જે બનાવ અંગે ઓખા મરીન પોલીસમાં અજય કુમાર હરિશ્ચંદ્ર ટંડેલ દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. પી..આર.જાડેજા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

બીજો બનાવ ખંભાળિયા શહેરમાં શક્તિનગર ખાતે રહેતા ગોપાલભાઈ ખીમાભાઈ કછોટીયા નામના ૬૩ વર્ષના વૃદ્ધને છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ સારવાર દરમિયાન હૃદયરોગના હુમલાથી તેઓનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની ખંભાળિયા પોલીસમાં હિતેશભાઈ ગોપાલભાઈ કછટીયા દ્વારા જાણ કરવામાં આવતા હે. કો.આર .જે. હુણ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

ત્રીજો બનાવ ખંભાળિયા શહેરમાં બંગલાવાળી વિસ્તારમાં રહેતા મેહુલકુમાર પ્રમોદરાય સાતા નામના વૃદ્ધને છેલ્લા પચીસવર્ષથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની બીમારી હોય અને તેઓ છેલ્લા આઠેક દિવસથી કિડનીની બીમારીથી પીડાતા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની મૃતકના પુત્ર તેજસભાઈ દ્વારા ખંભાળિયા પોલીસ દફતરે જાણ કરવામાં આવી હતી.

## જામનગરમાં યુવાનની હત્યાના ગુનામાં પકડાયેલા ત્રણેય આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર



જામનગર : જામનગર શહેરમાં રાજપાર્કથી અન્નપૂર્ણા ચોકડી તરફ જવાના માર્ગ પર શુક્રવારે મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતમાં યુવાનના મોતનો બનાવ પૂર્વઆયોજિત હત્યાનું કાવતરું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. અગાઉ થયેલી બોલાચાલી અને મનદુ:ખનો ખાર રાખીને થાર મોટરકાર વડે આઈ-૨૦ કારને પાછળથી જોરદાર ટક્કર મારવામાં આવી હતી. આ બનાવમાં અફઝલ રહીમ ચાવડા નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, ગત તા. ૨૯મીની રાત્રે ચાની હોટલ પાસે થાર મોટરકારમાં સવાર શખ્સો સામે સામસામે તાકીને જોવાના મામલે બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ મનદુ:ખનો ખાર રાખીને આરોપીઓએ શુક્રવારે મોડી રાત્રે સ્કૂટર પર રેકી કરી આઈ-૨૦ કારનો પીછો કર્યો હતો. ત્યારબાદ અન્નપૂર્ણા ચોકડી નજીક થાર મોટરકાર વડે કારને પાછળથી જોરદાર ટક્કર મારવામાં આવી હતી. ટક્કરના કારણે આઈ-૨૦ કાર આગળ પાર્ક કરેલી બસ સાથે અથડાઈ હતી, જેમાં અફઝલનું મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.બી. ડોડીયા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે કમાન્ડ કંટ્રોલના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન હત્યાના કાવતરામાં સંડોવાયેલા અને ઘટનાને અંજામ આપનારા મુખ્ય આરોપીઓ હાજી અયુબ ખફી તથા ઈમ્તિયાઝ ઈકબાલ ખફી અને રેકી કરવામાં મદદ કરનાર ખલીલ ઈસ્માઈલ કોરા ઉર્ફે બાઠીયાની ઓળખ બહાર આવી હતી.

પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલાં બંને વાહનો સહિત કુલ રૂ. ૬,૩૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આરોપીઓને અદાલતમાં રજૂ કરવામાં આવતાં તમામ આરોપીના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. મુખ્ય આરોપી હાજી અયુબ સામે અગાઉ વિવિધ પોલીસ મથકોમાં આશરે ૧૬ જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

## જામનગરમાં ઈંગ્લીશ દારૂના આઠ ચપલા સાથે બે શખ્સની ધરપકડ

જામનગર : જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર અને જોડીયા - ભૂંગા વિસ્તારમાંથી બે શખ્સને ઈંગ્લિશ દારૂના ૮ નંગ ચપલા સાથે સ્થાનિક પોલીસે પકડી પાડી રૂ. ૧૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં ગુરુદ્વારા ચોકડી પાસે આવેલા શ્રદ્ધા એપાર્ટમેન્ટની સામે રહેતો કેતન હરીશભાઈ પરમાર નામનો શખ્સ પંચેશ્વર ટાવર આગળ શંકર વિજય પાન સામેથી પસાર થતો હોય દરમિયાન સિટી એ ડિવિઝન પોલીસે તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લિશ દારૂના ૬ નંગ ચપલા મળી આવતા અટકાયત કરી રૂ. ૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે જામનગરમાં જોડીયા-ભૂંગા વિસ્તારમાં રહેતો કરીમ મામદભાઈ કકલ નામનો શખ્સ પોતાના ઘર નજીકથી ચાલીને જતો હોઈ દરમિયાન સિટી બી ડિવિઝન પોલીસે તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લિશ દારૂના ૨ નંગ ચપલા મળી આવતા અટકાયત કરી રૂ. ૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ખાખરડા ગામે મકાનમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ખંભાળિયા : કલ્યાણપુર તાબા હેઠળના ખાખરડા ગામમાં રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી જુગારનો અખાડો ઝડપી લીધો હતો જેમાં ૪ શખ્સની રોકડ રકમ અને મોબાઈલ ફોન સાથે અટકાયત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામમાં રહેતો દિગુભા દોલુભા જાડેજા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં એક ઢાળીયામાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસે ત્યાં દરોડો પાડી તીનપતી નામનો જુગાર રમતા સંચાલક દિગુભા જાડેજા સહિત પરાક્રમસિંહ બચુભા જાડેજા, ચંદુભા જામસંગ જાડેજા અને સહદેવસિંહ અનુપસિંહ જાડેજા નામના ૪ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૧૪૮૦ની રોકડ રકમ તથા રૂ. ૧૫ હજારની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૨૪૮૦ ની મતા ઝબ્બે કરી હતી.

### 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી અંતર્ગત

## રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય સ્થાન મેળવી સરકારી ડેન્ટલ કોલેજે જામનગરનું વધાર્યું ગૌરવ



જામનગર : જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના 'પીડિયાટ્રિક એન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી' વિભાગ દ્વારા 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી અંતર્ગત બાળકોમાં દાંત અને મોઢાના સ્વાસ્થ્ય અંગે વિશેષ જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. આ ઉજવણી ભાગરૂપે નિષ્ણાત દંતચિકિત્સકોની ટીમ દ્વારા શહેરની વિવિધ શાળાઓમાં ૧૦૦૦થી વધુ બાળકોની નિ:શુલ્ક દાંત અને પેઢાંની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન બાળકોને દાંતનો સડો, પેઢાંના રોગો તેમજ મોઢાની સ્વચ્છતા કેવી રીતે જાળવવી તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, બાળકોમાં ઓરલ હેલ્થ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી વિવિધ શૈક્ષણિક, મનોરંજક અને રમતગમત આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જામનગર ડેન્ટલ કોલેજ દ્વારા હાથ ધરાયેલા આ સમગ્ર જાગૃતિ અભિયાનની કામગીરીને રાષ્ટ્રીય સ્તરે પણ ઉત્કૃષ્ટ સરાહના થઈ છે. દિલ્હી ખાતે 'ઈન્ડિયન સોસાયટી ઓફ પીડિયાટ્રિક એન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી' દ્વારા આયોજિત રાષ્ટ્રીય કોન્ફરન્સમાં દેશભરની આશરે ૨૦ જેટલી ડેન્ટલ કોલેજો દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક રજૂઆતમાં સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરે સમગ્ર દેશમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ગૌરવવંતું સ્થાન મેળવ્યું છે.

આ સફળતા અને જાગૃતિ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડો. વિપિન આહુજા તેમજ ડો. કેયુર, ડો. કૃષ્ણા, ડો. અંકિતા, ડો. દીપિકા, ડો. વર્ષા, ડો. ખુશ્બુ, ડો.મંદાકિની સહિત વિભાગના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. આ તમામ પ્રવૃત્તિઓ કોલેજના ડીન ડો. નયના પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ બદલ સંસ્થા પરિવારમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે.

## આરંભડા ખાતે હઝરત સૈયદ રૂકનશાહ વલીની દરગાહે ઉર્ષનું આયોજન


તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકા તાલુકાનાં આરંભડા ખાતે ઓખા બાયપાસ રોડ પર આવેલી હઝરત સૈયદ રૂકનશાહ વલીની દરગાહ ખાતે વાર્ષિક ઉર્ષ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

આયોજન મુજબ તા.૧૯ને સોમવારે કુરઆન ખ્વાની અને ગુસ્લ શરીફ, તા.૨૦ મંગળવારે મિલાદ શરીફ તથા તા. ૨૧ને બુધવારે આમ નિયાઝનું આયોજન કરાયું છે. ઉર્ષનાં મુખ્ય આકર્ષણરૂપે તા. ૨૧ બુધવારે રાત્રે ૧૦ વાગ્યે જાણીતા કવ્વાલ અનીસ નવાબની મહેફિલે કવ્વાલી યોજાશે. ત્રિદિવસીય ઉર્ષના કાર્યક્રમમાં પધારવા હિન્દુ મુસ્લિમ સૌ ભાઈ-બહેનોને પધારવા દરગાહનાં ખાદિમ મહંમદ ઈમ્તિયાઝક સાબરી (મસ્તાન બાપુ) તથા એકતા કમિટી દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયું છે.

# જામનગરમાં પ્રથમ વખત ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન

## સમસ્ત બ્રહ્મ સમાજની ૧૫૦૦થી વધુ બહેનોએ મહારાસમાં ઉત્સાહભેર ભાગ લીધો, આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં સમસ્ત બ્રહ્મ સમાજની બહેનો અને બાળકો માટે ગોરાણી ગ્રુપ જામનગર દ્વારા પ્રથમ વખત ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવ તથા મહારાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં બ્રહ્મ સમાજની ૧૫૦૦થી વધુ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગોરાણી ગ્રુપના આ પ્રથમ પ્રયાસને બ્રહ્મ સમાજના આગેવાનો હોદ્દેદારો, ઘટકો અને વિવિધ પેટા જ્ઞાતિઓના પ્રતિનિધિઓનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

ગોરાણી ગરબા નવરાત્રિ કાર્યક્રમનો પ્રારંભ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તથા જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, શાસક પક્ષના નેતા અજયભાઈ મોદી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારો તેમજ જામનગરમાં કાર્યરત બ્રહ્મ સમાજના વિવિધ ઘટકો અને પેટા જ્ઞાતિઓના અગ્રણીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમને સાંસદ પૂનમબેન માડમ, શિક્ષણમંત્રી રિવાબા જાડેજાની શુભકામનાઓ મળી હતી.

ગોરાણી ગ્રુપનાં સંયોજક ડિમ્પલબેન રાવલે જણાવ્યું હતું કે, જામનગર જ નહીં પરંતુ ગુજરાતમાં સૌપ્રથમ વખત માત્ર બ્રહ્મ સમાજની મહિલાઓ માટે આ પ્રકારના મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહારાસનું કમ્પોઝિશન જામનગરમાં જ તૈયાર કરવામાં આવ્યું હતું અને તેની ગાયકી પણ જામનગરમાં જ કરવામાં આવી હતી. સ્થાનિક કલાકારો અને આયોજકોના પ્રયાસોથી તૈયાર થયેલા આ વિશિષ્ટ મહારાસમાં ૧૫૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર ખેલૈયાઓએ ઉત્સાહભેર પોતાની કલા રજૂ કરી હતી. સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલૈયાઓને અલગ-અલગ દાતાઓના સહયોગથી ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં પરંપરાગત ગરબા, મહારાસ અને સાંસ્કૃતિક માહોલે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સમગ્ર ગોરાણી ગરબા મહોત્સવને સફળ બનાવવા માટે ગોરાણી ગ્રુપનાં સંયોજક ડિમ્પલબેન રાવલની આગેવાનીમાં અનિલાબેન દવે, અર્ચનાબેન પુંજાણી, ધારાબેન પુરોહિત, ભાવિકાબેન જોશી, કિરણબેન પંડ્યા, મનિષાબેન ઠાકર, દેવિકાબેન ઠાકર, પાયલબેન શર્મા, રેણુકાબેન ભટ્ટ, વીણાબેન પાઠક, તેજલબેન પુરોહિત, હંસાબેન રાવલ, હર્ષિતાબેન જોશી, ડિમ્પલબેન મહેતા, દિશિતાબેન પંડ્યા, નિધિબેન ભટ્ટ, નીતાબેન પંડ્યા, પ્રીતિબેન રાવલ, ભાવનાબેન રાવલ સહિતની બહેનોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા સંચાલક બીમલભાઈ ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. મહારાસ અને ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે જલ્પાબેન બુચ, સિમરનબેન ભટનાગર અને હિરબેન બુચે સેવા આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# આંદોલન અહિંસક હોવા જરૂરી છે?

દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શને ફરી એક વાર દેશના લોકશાહી માળખા, નાગરિક અધિકારો અને ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે ચર્ચા જગાવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી અને મતદાર યાદીઓમાં થયેલા ફેરફારો અંગેની ચિંતાઓને લઈને વિવિધ રાજકીય પક્ષો, વિદ્યાર્થી સંગઠનો અને કાર્યકરો વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ, દિલ્હી પોલીસે જાહેર વ્યવસ્થા અને સુરક્ષાનાં કારણોસર પ્રદર્શન માટેની મંજૂરી નકારી છે અને રાજધાનીમાં સુરક્ષા વધારી છે. આ પરિસ્થિતિએ એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો કર્યો છે. લોકશાહીમાં મતભેદોનો ઉકેલ અથડામણથી આવશે કે સંવાદથી?

પરંતુ જે લોકો તોફાન કરે છે આંદોલનો કરે છે તેને મતભેદ ઉકેલવામાં જરાય રસ નથી તેને તો અવ્યવસ્થા ઊભી કરવી છે જાહેર જનતાને હેરાનગતિ થાય તે રીતે હિંસા કરવી છે તો આ વાત જરાય વ્યાજબી નથી આવા આંદોલનોને મંજૂરી ન મળે તે સ્વાભાવિક છે આના પર કડક પગલાં પણ સરકાર લઈ શકે છે અને લેવા જોઈએ.ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. આ ગૌરવ માત્ર ચૂંટણી યોજવાથી જળવાતું નથી. લોકશાહીનું સાચું મૂલ્ય ત્યારે દેખાય છે, જ્યારે નાગરિકો પોતાના પ્રશ્નો ઉઠાવી શકે, સત્તાધીશોને જવાબદાર ઠેરવી શકે અને સંસ્થાઓ પર વિશ્વાસ રાખી શકે. સાથે જ, કાયદાનું પાલન, જાહેર શાંતિ અને અન્ય નાગરિકોના અધિકારોનું રક્ષણ પણ એટલું જ જરૂરી છે. જંતર મંતરની વર્તમાન પરિસ્થિતિને આ બંને પાસાંથી જોવાની જરૂર છે.

તાજેતરના વિરોધનું એક મુખ્ય કારણ મતદાર યાદીઓના વિશેષ સઘન પુનરીક્ષણની પ્રક્રિયા છે. વિરોધ કરનારાઓને આશંકા છે કે આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં લોકોનાં નામ દૂર થવાથી મતદાનના અધિકારને નુકસાન પહોંચી શકે છે. કેટલાક રાજકીય પક્ષોએ આ પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે પણ સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ, ચૂંટણી તંત્રનું કહેવું છે કે મતદાર યાદીઓની ચકાસણી જરૂરી છે અને નામ ભૂલથી દૂર થયા હોય તો યોગ્ય પ્રક્રિયા દ્વારા ફરી નોંધણી કરાવી શકાય છે. તેથી આ વિવાદમાં આરોપો અને જવાબો કરતાં વધુ મહત્ત્વનું છે કે હકીકતોની સ્પષ્ટતા થાય.મતદાર યાદી એ લોકશાહીનો પાયો છે. મતદારનું નામ યાદીમાં હોવું માત્ર કાગળ પરની નોંધ નથી, પરંતુ દેશના શાસનમાં ભાગ લેવાનો તેનો અધિકાર છે. કોઈ પણ લાયક નાગરિક માત્ર વહીવટી ભૂલને કારણે મતદાનથી વંચિત ન રહે તેની ખાતરી કરવી જરૂરી છે. સાથે જ, મતદાર યાદીઓ ચોક્કસ અને અદ્યતન રહે તે પણ એટલું જ મહત્ત્વનું છે. આ બંને હેતુઓ વચ્ચે સંતુલન જાળવવું ચૂંટણી તંત્રની જવાબદારી છે.આ માટે સૌથી સારો માર્ગ પારદર્શક પ્રક્રિયા છે. કેટલાં નામ દૂર થયાં, ક્યા કારણોસર દૂર થયાં, કેટલાં નામ સામે વાંધા નોંધાયા અને કેટલી ફરિયાદોનો ઉકેલ આવ્યો, તેની સ્પષ્ટ માહિતી જાહેર થવી જોઈએ. નાગરિકોને પોતાની નોંધણી તપાસવાની સરળ સુવિધા મળવી જોઈએ. જેમનાં નામ દૂર થયાં હોય તેમને સમયસર જાણ કરવામાં આવે અને ભૂલ સુધારવા માટે સરળ વ્યવસ્થા ઊભી કરવામાં આવે. આવી વ્યવસ્થાથી અફવાઓને બદલે હકીકતોને સ્થાન મળશે અને લોકોનો વિશ્વાસ મજબૂત બનશે.જંતર મંતર પરના વિરોધ પ્રદર્શનમાં યુવાનોની ભાગીદારી પણ ધ્યાન ખેંચે છે. આંદોલનમાં એવા પણ લોકો છે કે જેને પ્રજાના પ્રશ્નોમાં બિલકુલ રસ નથી તેઓ માત્ર અશાંતિ અને અસ્થિર ઊભી કરવા માટે જ આંદોલનમાં જોડાય છે વિદ્યાર્થીને નામે શરૂ થયેલા આંદોલનો હાઇજેક થઈ જાય છે અને તેનો દોર અસામાજિક તત્વો અને રાષ્ટ્રવિરોધીઓ લઈ લે છે આવું થાય ત્યારે તેની સામે પગલાં ભરાય તે બરાબર છે. યુવાનો દેશનું ભવિષ્ય છે. તેઓ જ્યારે જાહેર જીવનના પ્રશ્નો અંગે જાગૃત બને છે, ત્યારે તેને લોકશાહી માટે સકારાત્મક સંકેત તરીકે જોવો જોઈએ.

# રામુ અને તેના મોટાભાઈ

**ટૂંકા ગાળામાં લગ્નવિચ્છેદ પામેલા નાનાભાઈને પુનર્લગ્નમાં રસ નહોતો અને પોતે એક કંપનીમાં મેનેજર હોવાથી તેને મળેલા ક્વાર્ટરમાં એકલતા સાલતી, છેવટે નિવૃત્ત થયેલા મોટાભાઈએ તેને સધિયારો આપીને ઉમંગ ઉત્સાહ વધારી દીધાં ત્યારે બંને રામ લક્ષ્મણની જોડી તરીકે ઓળખાવા લાગ્યા.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર



એ વાતને તો વરસો વીતી ગયા. રામુનું લગ્નજીવન નભ્યું નહીં. થોડાંક મહિનામાં જ લગ્નવિચ્છેદ થઈ ગયેલો. સદભાગ્યે સંતાન કાંઈ હતું નહીં. ત્યારે તેના પિતાએ એને વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે, "બેટા ! તું ભણેલો છે, સમાજમાં આપણી ઓળખાણ પિછાણ પણ છે તને હું ક્યાંક સારી જગ્યાએ ફરી વખત પરણાવી દઈશ અને જો તું રાજી થાય તો હજી કાચીકુંવારી છોકરી પણ મળી શકે એમ છે."

પણ આ બેમાંથી એકેય વેણ સાચું ઠરે એ પહેલાં જ તેના પિતા જતા રહ્યા અને આમેય રામુને પુનર્લગ્નમાં રસ નહોતો. માતા-પિતાની ગેરહાજરીમાં ભાઈભાભીના આશ્રયે ઘરમાં ચેન પડે એ માટે સ્વતંત્ર આવક ઊભી કરવા એ ભારે જહેમત ઉઠાવતો હતો.

નજીકના શહેરમાં એક કંપનીનો નવો પ્લાન્ટ શરૂ થયેલો તેમાં તેને મજાની નોકરી મળી ગયેલી. પછી તો ભાઈભાભીની દુનિયા જુદી થઈ ગઈ. રામુને તેનો કંઈ જ હરખશોક નહોતો. કંપનીના કામ સાથે તેનો જીવ મળી ગયો હતો અને કંપનીના ભાગીદારોને પણ રામુ સાથે પહેલેથી મનમેળ હતો એટલે બંને પક્ષે ઠીકઠીક નિકટતા જળવાઈ રહેલી.

કંપનીના આ નવા પ્લાન્ટમાં આવ્યા પછી થોડોક સમય તો તેને સારું લાગેલું પણ કંપનીની કોલોનીના ક્વાર્ટરમાં રહેઠાણની જે વ્યવસ્થા હતી તે એકલવાયું લાગે તેવી હતી. કંપની તરફથી ગાડી અને ડ્રાઈવર પણ હતા. પણ આમ છતાં આસપાસ હળવામળવા માટે કે કોઈને ઘરે આવવા-જવા માટે કોઈ અવકાશ નહોતો. આવી અવસ્થામાં થોડોક સમય વીતી ગયા પછી એને ઘર સાંભર્યું. આ ઘરમાં હવે માતા-પિતા તો હતાં નહીં. ભાઈ-ભાભી અને ભાઈ-ભાભીનાં સંતાનો તેને યાદ આવતાં અને એથીયે વિશેષ તો માતાપિતા યાદ આવતા. ભાઈ હવે નિવૃત્ત થઈ ગયા હતા. અને એથીયે વિશેષ તો એ હતું કે પાંસઠેક વર્ષના મોટાભાઈને નિવૃત્ત થયાને પાંચ-સાત વર્ષ થયા હતા પણ શરીરે હજુ હૃષ્ટપુષ્ટ અને કડેધડે હતા.વ્યવસાયમાંથી સમય મળે ત્યારે નવરાશના વખતે રામુ મોટાભાઈ પાસે જતો અને એમની સાથે વાતો કરતો, અવનવું જાણતો અને નવાનવા અનુભવોમાંથી કંઈને કંઈ શીખતો. પરિવારમાં આ બંને જણાની દોસ્તી કહો તો દોસ્તી અને પારિવારિક સંબંધ કહો તો પારિવારિક સંબંધ, સારી રીતે જળવાયેલો રહેતો.

કંપનીમાં કામ વધી ગયું હોવાથી રામુ લાંબા સમયથી ભાઈને મળવા જઈ શક્યો નહીં.

ઓફિસ દરમિયાન રામુને સંદેશો મળ્યો કે મોટાભાઈ એક અઠવાડિયું તેની સાથે કંપનીની કોલોનીના ક્વાર્ટરે રહેવા આવવાના છે. આ સંદેશો વાંચતાવેંત રામુ રાજીના રેડ થઈ ગયો. હવે લાંબા સમય પછી મોટાભાઈ મળશે. એક અઠવાડિયું પોતાના ક્વાર્ટરે રોકાશે. ઢગલાબંધ વાતો થઈ શકશે. ભાઈના આગમનની તૈયારી માટે જે કંઈ જરૂરી હતું તે બધું તેણે ઝડપભેર ગોઠવવા માંડયું એટલું જ નહી ભાઈને ટેલિફોન કરીને એણે પોતાનો ઉત્સાહ ઠાલવી દીધો હતો. મોટાભાઈ પણ રામુને મળશે, તેની સાથે વાતો થશે અને એકલવાયા નાનાભાઈને કંઈક સારું લાગશે, તેવા વિચારથી રાજી થયા હતા.

શહેરના રેલવે સ્ટેશને મોટાભાઈ ઊતર્યા કે તરત જ રામુએ તેમનો કબજો લઈ લીધો. ઓફિસના અને પ્લાન્ટના બીજા જરૂરી કર્મચારીઓ રામુની મદદે હાજર જ હતા. મેનેજર તરીકે રામુને આખો દિવસ કંપનીમાં રહેવાની જરૂર નહોતી, તેથી આજે પોતે અર્ધી રજા મૂકીને મોટાભાઈની સાથે ને સાથે જ રહ્યો. ભાઈની તહેનાત માટે જ તે રોકાઈ ગયો હતો.

બીજા દિવસે મોટાભાઈએ જયારે જાણ્યું કે આ ક્વાર્ટરથી કંપની પચ્ચીસેક કિલોમિટર દૂર છે ત્યારે તેમણે કહ્યું પણ ખરું "રામુ પચ્ચીસ કિલોમિટર એટલે અડધો પોણો કલાક થાય આવતાં જતાં. આટલો બધો સમય વેડફવા કરતાં હું પણ તારી સાથે જ કંપનીમાં આવું છું. તું ઑફિસમાં કામ કરજે અને હું તને મેનેજર તરીકે જોતો રહી ત્યાં બેસીશ."

રામુ પાસે તેનો જવાબ નહોતો. એ થોડુંક હસ્યો અને પછી બોલ્યો, " હું નાનો હતો ત્યારે જિદ કરીને તમારી સાથે ઑફિસે આવતો. "

" હા, બસ એમ જ. આખું અઠવાડિયું હું પણ તારી સાથે આખો દિવસ ઑફિસે રહીશ અને સાંજે ઘરે આવીને ધરાઈ ધરાઈને વાતો કરીશું."

વર્ષો પછી બંને ભાઈઓ સમીપપણાનો અનુભવ કરી રહ્યા છે. રામુનું ક્વાર્ટર ઘર બની ગયું. રામુને આ ક્વાર્ટરમાં સાલતી હતી એ એકલતા વત્સલ મોટાભાઈના આવવાથી જાણે જોજનો દૂર જતી રહી.

મોટાભાઈના સંતાનો ઘરેબારે થઈ ગયા હોવાથી તેમને પણ હવે પરિવારની કોઈ જવાબદારી કે ચિંતા નહોતી. મોટાભાઈ એક જાણીતી પેઢીના હિસાબનીશ તરીકે નિવૃત્ત થયેલા હોવાથી તેમણે રામુની કંપનીમાં પોતાની આવડત અને કૌશલ્યનો ઉપયોગ કરીને માનદ સેવા શરૂ કરી દીધી. બન્ને ભાઈઓની પ્રતિભા કંપનીને ઉપયોગી બની. એક અઠવાડિયા માટે રામુની સાથે રહેવા આવેલા મોટાભાઈ અહીં સ્થાયી થઈ ગયા, જેથી રામુને સધિયારો મળી ગયો અને કંપનીને અનુભવીની સેવા મળી. કંપનીમાં ભોજન માટેની કેન્ટીને બપોરનું જમવાનું થતું અને કોલોનીમાં ગેસ્ટહાઉસે સવારનો નાસ્તો અને સાંજનું ભોજન બન્ને ભાઈઓ સાથે લેતા. તેથી ક્વાર્ટરે તો કલાકોના સહવાસમાં બન્ને ભાઈઓ માબાપની હયાતીમાં જે રીતે ઘરપણુ માણેલું તેમ હળવાશથી દિવસો ગુજારવા લાગ્યા. રામુના ઉમંગ ઉત્સાહ આસમાને પહોંચી ગયા. હવે તો આ કોલોનીમાં પણ આ બન્ને રામ લક્ષ્મણની જોડી તરીકે ઓળખાવા લાગ્યા.

# મનમાં અપેક્ષાઓ વધે, તો ખુશીઓ ન ટકે



દુનિયાની લગભગ દરેક વ્યક્તિનાં જીવનમાં ખુશીઓની પ્રાપ્તિ માટેનો સંઘર્ષ જોવા મળે છે. ખુશીઓ મેળવવા માટે જગતનો દરેક જીવ તત્પર હોય છે. ખુશીઓની આ ડિમાન્ડ નિહાળીને જ આપણે ગત લેખથી પ્રારંભ્યો છે જેનાથી ખુશીઓ મેળવી શકાય તેવા ઉપાયોનો વિચાર. આ માટેનો બીજો ઉપાય છે. નિરપેક્ષ બનો : નિરપેક્ષ બનવું એટલે જીવનને મનને અપેક્ષામુક્ત બનાવી દેવું. જે અપેક્ષામુક્ત બને છે તેનું (૧) મન હંમેશાં હળવું રહે છે : 'આ વસ્તુ આમ બનવી જ જોઈએ' અથવા આ લક્ષ્ય મારે કઈ રીતે પૂર્ણ કરવું ?' આવો કોઈ ભાર કે ઉચાટ તેના મનમાં રહેતો નથી. (૨) મન હંમેશાં ખુશ રહે છે - અપેક્ષાઓ ન હોવાનાં કારણે કોઈ ઘટના વિપરીત બને તો પણ મનમાં ગ્લાનિ અનુભવાતી નથી. બલ્કે મન પૂર્વવત્ આનંદમાં જ રહે છે. કારણકે 'આ ઘટના આ જ રીતે કેમ ન બની ?' તેવી કોઈ અપેક્ષા છે જ નહિ. પ્રસ્તુત વિષયમાં મને થાય છે જૈન શ્રમણની ભિક્ષાચાર્યાનું સ્મરણ. આગમસૂત્ર દશવૈકાલિકમાં પ્રસ્તાવિત આ ભિક્ષાચર્યામાં પણ આ જ ભાવાર્થની વાત છે કે 'જૈન શ્રમણ ભિક્ષા માટે નીકળે ત્યારે અનેકવિધ નિયમોને સાચવીને આ ભિક્ષા ગ્રહણ કરવાની હોય. જ્યાં આ શાસ્ત્રનિયમો ન સચવાતા હોય, ત્યાં ભરપૂર ભિક્ષા મળવા છતાં એનો સ્વીકાર ન કરવાનો હોય. આ રીતે ભિક્ષા ગ્રહણ કરતા મુનિવરને ભિક્ષા (જૈન પરિભાષામાં ગોચરી) પૂર્ણ પ્રમાણમાં મળે યા અત્યલ્પ પ્રમાણમાં મળે. છતાં ય નિરંતર સાધનારત એવા મુનિના મનમાં લેશમાત્ર ગ્લાનિ ન આવે. કારણકે નિરપેક્ષ બનીને તેઓ ભિક્ષા માટે નીસરેલા હોય છે. 'આટલું મને મળવું જ જોઈએ' યા આટલું નહિ મળે તો નહિ જ ચાલે, આવી તીવ્ર અભિલાષા ત્યાં હોતી નથી. એમનું સૂત્ર એક જ હોય કે 'ભિક્ષા મળે તો વાપરીને સંયમસાધના સુંદર કરીશું અને ન મળે તો તપની સાધના આગળ વધારીશું. આ જ પ્રવાહમાં યાદ કરીએ આપણે એક નાનકડી છતાં ય સચોટ ઘટના :

સંત અને શિષ્ય ગામની બહાર કુટિર બનાવીને રહે. રોજ ભિક્ષામાં દૂધની આવશ્યકતા રહે અને એ માટે ક્યારેક શિષ્યને ખૂબ ભટકવું પડે. આથી રોજ શિષ્ય પરેશાન થાય. એકવાર કોઈ ભક્તને આ તકલીફનો ખ્યાલ આવી જતા રાત્રે તેણે સંતની કુટિર બહાર ગાય લાવીને બાંધી દીધી. સવારે શિષ્યે ગાય જોઈ ખુશ થયો અને ગુરુને સમાચાર આપ્યા કે 'ગુરુજી ! બહાર કોઈ ગાય બાંધીને ગયું છે.' ગુરુએ સ્મિત સાથે જવાબ આપ્યો : 'સારું થયું બેટા ! હવે તારે રોજ દૂધ શોધવાની ઝંઝટ ગઈ. વાતને ચારેક મહિના વીત્યા. એક દિવસ રાત્રે ચોરો આવ્યા. ગાય ચોરીને લઈ ગયા. સવારે શિષ્ય રાડ પાડતો ગુરુ પાસે આવ્યો. અને રડમસ અવાજે બોલ્યો : ગુરુજી ! રાત્રે કોઈ ગાય ચોરી ગયું. ગુરુએ એ જ સ્મિત સાથે જવાબ વાળ્યો : 'સારું થયું બેટા ! હવે તારે ગોબર ઉઠાવવાની ઝંઝટ ગઈ.' બસ ગાય પ્રત્યેની જેવી નિરપેક્ષવૃત્તિ સંતના બંને ઉત્તરમાં ઝળકે છે, એવી જ નિરપેક્ષવૃત્તિ આપણે લાવવાની છે. આપણા જીવનના પ્રત્યેક પ્રસંગોમાં. તો ખુશી આપણા જીવનમાં છવાયા વિના રહેશે નહિ. છેલ્લે યાદ રાખીએ આ મહત્ત્વની વાત કે : શરીરમાં સુગર વધે તો સ્વાસ્થ્ય બગડી જાય, મનમાં અપેક્ષાઓ વધે તો ખુશીઓ છીનવાઈ જાય.'

# સંસ્કૃતિનો શ્વાસ, ભક્તિનો વિશ્વાસ : આપણો પરંપરાગત ગરબો



પ્રાચીન ગરબાઓ અને ગરબીઓમાં ગવાતા તાલબદ્ધ તથા સૂરીલા ગરબા જેવા કે 'મા પાવા તે ગઢથી ઉતર્યાપ' રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે લોલપ કે 'આનંદનો ગરબો' એ ભક્તોના હૃદયમાંથી નીકળતો દિવ્યનાદ છે, આર્તનાદ છે. ભક્ત કવિ વલ્લભ મેવાડા, પ્રીતમ અને દયારામ જેવા ભક્તોએ અનેક પ્રાચીન ગરબા અને ગરબીઓની રચના કરેલી છે, તે અદ્ભૂત છે. આજે પણ તેમના ગરબાઓ લોકહૈયામાં ગુંજે છે. તથા તે ગરબાઓના ગાન કરવાથી આત્મિક આનંદ, સુખ તથા શાંતિ મળે છે. જીવનમાંથી તણાવ દૂર કરે છે અને તાજગીનો અહેસાસ કરાવે છે. ગરબાઓ મનને શુદ્ધ કરી શરીરમાં દૈવી ભાવ પ્રગટાવે છે. ચંચળ મનને સ્થિર કરે છે. આદ્યશક્તિના ચરણોમાં સમર્પિત થવાનો સોનેરી અવસર છે. આદ્યશક્તિની આરાધના માટેના ગરબાઓ ગર્ભદીપથી ગગન સુધી વહેતા થાય છે. સૌ ભાવિકો તન્મય બની જગદંબાની ભક્તિમાં જોડાય છે અને આત્મિક આનંદની દિવ્યાનુભૂતિ કરે છે. આ સમય ભક્તિની હેલીનો અને શક્તિને પામવાનો અનોખો સંયોગ છે. તાળીઓના તાલથી, ભક્તિના ભાવથી તથા ચરણોની ગતિથી મહેકતો આદ્યશક્તિની આરાધનાનો આ મહોત્સવ માનવ-સમાજમાં ચેતના, સ્ફૂર્તિ તથા આસ્થાને જીવંત રાખે છે. ગરબાના માધ્યમથી સમભાવની શ્રેષ્ઠ ભાવના જીવંત રહે છે. સમૂહ ચેતના અને એકતાનો ઉત્સવ છે.માટીનો ગરબો પ્રકૃતિના પાંચેય તત્ત્વોનું સંતુલન કરે છે. માટી તત્ત્વ એ પૃથ્વી, તેમાંનું પાણી એ જળ તત્ત્વ, ગરબાનો દીવો એ અગ્નિતત્ત્વ, ગરબાના છિદ્રોમાંથી વહેતી હવા એ વાયુ તત્ત્વ છે, અને ઘડામાં કે ગરબાની અંદર રહેલી જગ્યાએ આકાશ તત્ત્વ છે. આ ગરબાની ગરિમા છે. યુનેસ્કો દ્વારા પણ ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે સ્થાન આપેલ છે. આમ, ગરબો વૈશ્વિક ઓળખ છે, ગરબો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસત છે. ગરબો શક્તિની આરાધનાનું બ્રહ્માંડનું, જીવનચક્રનું સામાજિક એકતાનું, સાહિત્યિક પરંપરાનું, કલા તથા શણગારનું, ભક્તિનું, શ્રદ્ધાનું પ્રતીક છે. હાથની તાળી, પગનો તાલ, લય અને હૃદયના ભાવો એકરૂપ થાય છે, ત્યારે ગરબો દીપી ઉઠે છે. ભીરતનો આત્મા આદ્યશક્તિ તરફ ગતિમાન બને છે. આમ, ભક્તિરસ અને શૃંગારરસના દિવ્ય મિલનથી આત્મા જગદંબાને સમર્પિત થઈને માનવ કલ્યાણ અને મુક્તિનો પરમાનંદ અનુભવે છે.

'યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।'

# ત્રીજી નવરાત્રી : માતા ચંદ્રઘંટાની ઉપાસનાનું મહત્ત્વ

**નવરાત્રીનો પવિત્ર તહેવાર શક્તિની આરાધના, શ્રદ્ધા અને આધ્યાત્મિક જાગૃતિનો ઉત્સવ છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતા દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. દરેક સ્વરૂપનું પોતાનું આગવું મહત્ત્વ છે. નવરાત્રીના ત્રીજા દિવસે માતા દુર્ગાના ત્રીજા સ્વરૂપ માતા ચંદ્રઘંટાની ઉપાસના કરવાની પરંપરા છે.**

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

પરા શક્તિ માતાના અનેક સ્વરૂપો છે તેમાં મુખ્ય નવ સ્વરૂપો છે નવ દિવસોમાં માતાજીના નવ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે ભક્તિ કરવામાં આવે છે ત્રીજી નવરાત્રીએ માતા ચંદ્ર ઘંટા ની ઉપાસના કરવાનો વિધિ વિધાન છે.

માતા ચંદ્રઘંટા શક્તિ, સાહસ, શાંતિ અને નિર્ભયતાનાં પ્રતીક માનવામાં આવે છે. તેમની આરાધના દ્વારા ભક્તો જીવનમાં હિંમત, આત્મવિશ્વાસ અને સદબુદ્ધિ પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરે છે.

માતા ચંદ્રઘંટાના નામમાં જ તેમના દિવ્ય સ્વરૂપનો સંકેત મળે છે. તેમના મસ્તક પર ઘંટના આકારનો અર્ધચંદ્ર શોભે છે. આ કારણે તેઓ ચંદ્રઘંટા તરીકે ઓળખાય છે. તેમનું સ્વરૂપ તેજસ્વી, દિવ્ય અને પ્રભાવશાળી છે. તેઓ સિંહ અથવા વાઘ પર સવાર થયેલાં દર્શાવવામાં આવે છે. તેમનાં અનેક હાથમાં વિવિધ અસ્ત્ર-શસ્ત્રો શોભે છે, જ્યારે કેટલાક હાથ ભક્તોને આશીર્વાદ આપતી મુદ્રામાં હોય છે. તેમનું આ સ્વરૂપ સમજાવે છે કે જીવનમાં શક્તિની સાથે શાંતિ અને કરુણા પણ એટલાં જ જરૂરી છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ દુષ્ટ શક્તિઓ સામે લડવાની હિંમત અને ધર્મનું રક્ષણ કરવાની પ્રેરણા આપે છે. તેમના હાથમાં રહેલાં શસ્ત્રો અન્યાય સામે ઊભા રહેવાના સંકલ્પનું પ્રતીક છે. તેમનું શાંત અને કલ્યાણકારી રૂપ દર્શાવે છે કે સાચી શક્તિનો ઉપયોગ બીજાને દુઃખ પહોંચાડવા માટે નહીં, પરંતુ નિર્બળનું રક્ષણ કરવા અને સમાજમાં ન્યાય સ્થાપિત કરવા માટે થવો જોઈએ.

નવરાત્રીના ત્રીજા દિવસે ભક્તો વહેલી સવારે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે. ત્યારબાદ પૂજાસ્થળને સ્વચ્છ કરીને માતા ચંદ્રઘંટાની મૂર્તિ અથવા ચિત્રની સ્થાપના કરવામાં આવે છે. માતાજીને કંકુ, ચોખા, ફૂલ, ધૂપ અને દીવો અર્પણ કરવામાં આવે છે. ભક્તિભાવથી મંત્રાજાપ, સ્તુતિ અને આરતી કરવામાં આવે છે. માતાજીને દૂધ, ખીર, સાકર અથવા અન્ય મીઠાઈનો પ્રસાદ ધરાવવાની પરંપરા પણ છે. જોકે, પૂજાની રીત અને પ્રસાદમાં પ્રાદેશિક પરંપરા પ્રમાણે ફેરફાર જોવા મળે છે. પૂજામાં દેખાડા કરતાં શ્રદ્ધા, સ્વચ્છતા અને મનની પવિત્રતાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

માતા ચંદ્રઘંટાની ઉપાસનામાં 'ॐ દેવી ચંદ્રઘંટાયૈ નમઃ' મંત્રનો જાપ શુભ માનવામાં આવે છે. ભક્તો આ મંત્રાનું સ્મરણ કરીને માતાજી પાસે જીવનની મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ, પરિવારની સુખાકારી અને મનની શાંતિ માટે પ્રાર્થના કરે છે. મંત્રજાપ મનને એકાગ્ર કરવામાં અને વિચારોને શાંત કરવામાં મદદરૂપ બની શકે છે. નિયમિત પ્રાર્થના વ્યક્તિમાં આશાવાદ અને સકારાત્મક અભિગમ વિકસાવવામાં પણ મદદ કરે છે.

નવરાત્રીનો ત્રીજો દિવસ માત્ર ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત નથી. તે વ્યક્તિને પોતાના અંતરમાં રહેલા ભય, ક્રોધ, ઈર્ષ્યા અને નકારાત્મક વિચારો સામે લડવાનો સંદેશ પણ આપે છે. ઘણી વાર માણસમાં શક્તિ હોવા છતાં આત્મવિશ્વાસના અભાવે તે યોગ્ય નિર્ણય લઈ શકતો નથી. માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ આપણને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ધીરજ રાખીને હિંમતપૂર્વક આગળ વધવાની પ્રેરણા આપે છે. સાહસનો અર્થ ઉતાવળ કરવો નહીં, પરંતુ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા કેળવવી છે.

માતા ચંદ્રઘંટાની ઉપાસના આપણને એ પણ શીખવે છે કે જીવનમાં બળ અને વિવેક વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. માત્ર શક્તિ હોય, પરંતુ તેનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો તેની સમજ ન હોય, તો તે શક્તિ નુકસાનકારક બની શકે છે. બીજી તરફ, શાંતિનો અર્થ અન્યાય સામે મૌન રહેવું એવો પણ નથી. જરૂર પડે ત્યારે સત્ય અને ન્યાયની રક્ષા માટે હિંમતપૂર્વક આગળ આવવું એ જ સાચી શક્તિ છે.



આજના સમયમાં તણાવ, સ્પર્ધા, અસુરક્ષા અને અનેક પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે માનસિક શાંતિ જાળવવી જરૂરી બની છે. આવી પરિસ્થિતિમાં નવરાત્રીનો આ દિવસ આત્મચિંતન અને આંતરિક શક્તિના વિકાસ માટે ઉત્તમ અવસર બની શકે છે. પ્રાર્થના સાથે સારા વિચારો, સંયમિત વર્તન, બીજાની મદદ અને જવાબદારીપૂર્વકના કાર્યને જીવનમાં સ્થાન આપવું જોઈએ. માતાજીની આરાધનાનું સાચું મૂલ્ય ત્યારે પ્રગટ થાય છે, જ્યારે ભક્તિ આપણા વર્તનમાં પણ દેખાય છે.

માતા ચંદ્રઘંટાની પૂજા આપણને નિર્ભયતા, કરુણા, શિસ્ત અને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. નવરાત્રીના ત્રીજા દિવસે આપણે સંકલ્પ કરીએ કે મુશ્કેલીઓથી ડરીને પાછળ નહી હટીએ, અન્યાયનો સાથ નહી આપીએ અને પોતાની શક્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરીશું. શ્રદ્ધા સાથે સદાચાર અને હિંમતને જીવનમાં ઉતારીએ, તો નવરાત્રીનો આ પવિત્ર દિવસ આપણા માટે સાચા અર્થમાં આધ્યાત્મિક ઉત્સવ બની શકે છે.

# અર્શદીપ સિંહે ટી૨૦ ક્રિકેટમાં ન્યુઝીલેન્ડના ટિમ સાઉથીનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચ્યો



ઈન્દોર,

ઈન્દોરમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની શાનદાર જીત ભારતીય ઝડપી બોલર અર્શદીપ સિંહ માટે પણ ખાસ હતી. ઝડપી બોલર અર્શદીપે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી. આનાથી તે ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટની બીજી ઈનિંગમાં વિકેટ લેનાર સૌથી ઝડપી બોલર બની ગયો છે. ડાબોડી ઝડપી બોલર અર્શદીપ પાસે હવે ૮૪ વિકેટ છે. તેણે ન્યુઝીલેન્ડના શક્તિશાળી બોલર ટિમ સાઉથીનો રેકોર્ડ તોડીને આ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી.

અર્શદીપની શાનદાર બોલિંગના કારણે ભારતે ત્રીજી T20Iમાં વેસ્ટ ઈન્ડિઝને ૧૪ રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૨૨૩ રન બનાવ્યા. જવાબમાં, વેસ્ટ ઈન્ડિઝ ૨૦ ઓવરમાં ફક્ત ૨૦૯ રન જ બનાવી શક્યું. હેટમાયરે ૪૩ રન બનાવ્યા, પરંતુ તે પોતાની ટીમને જીત અપાવી શક્યો નહીં. અર્શદીપે ૪૪ રન આપીને ત્રણ વિકેટ લીધી. આ શાનદાર પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.

ટી ૨૦ ક્રિકેટમાં બીજા દાવમાં સૌથી વધુ વિકેટ લેનારા ઝડપી બોલરો

અર્શદીપ સિંહ - ૮૪, ટિમ સાઉથી - ૮૨, જસપ્રીત બુમરાહ - ૭૨ મુસ્તફિઝુર રહેમાન - ૬૯

ભારત આખરે વેસ્ટ ઈન્ડિઝ સામેના વર્તમાન પ્રવાસમાં છઠ્ઠા પ્રયાસમાં પહેલીવાર મોટા સ્કોરનો બચાવ કરવામાં સફળ રહ્યું. છેલ્લા કેટલાક મેચોમાં મોટા લક્ષ્યો પણ સુરક્ષિત થયા નથી, તેથી ઈન્દોરમાં કુલ ૨૨૩ રન બનાવવાનું સરળ માનવામાં આવતું ન હતું. જોકે, પીચના ઓછા ઉછાળાને કારણે બેટ્સમેનોને મોટા શોટ રમવાનું પડકારજનક બન્યું અને અભિષેક શર્માની ઈનિંગ ભારત માટે નિર્ણાયક સાબિત થઈ. અભિષેકે માત્ર ૩૦ બોલમાં ૬૯ રન બનાવ્યા. તેની આક્રમક બેટિંગે ભારતને મજબૂત શરૂઆત આપી અને ટીમને સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી. ઈશાન કિશને પણ ૩૭ રનનું યોગદાન આપ્યું. જોકે, અભિષેકના આઉટ થયા પછી, ભારતીય ઈનિંગ ધીમી પડી ગઈ. ટીમે ૮.૧ ઓવરમાં એક વિકેટે ૧૧૫ રન બનાવ્યા હતા, પરંતુ પછી ૧૩૫ રન સુધી પહોંચતા પહેલા પાંચ વિકેટ ગુમાવી દીધી. ભારત મોટો સ્કોર કરવાની તકનો સંપૂર્ણ લાભ લેવામાં નિષ્ફળ ગયું અને ૨૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું. લક્ષ્યનો પીછો કરતી વખતે, વેસ્ટ ઈન્ડીઝની ટીમે પણ રન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભારતીય બોલરો નિયમિત અંતરાલે વિકેટ લેતા રહ્યા.

# શ્રેયસ ઐયરે એમએસ ધોનીનો રેકોર્ડ તોડ્યો, ટી૨૦ કેપ્ટનશીપમાં નંબર વન બન્યો



ઈન્દોર,

ટી૨૦ ક્રિકેટમાં મોટા સ્કોર બનાવવા અને ટીમને આક્રમક રમત માટે સતત તૈયાર કરવી સરળ નથી. જોકે, શ્રેયસ ઐયરની કેપ્ટનશીપમાં, ટીમ ઈન્ડિયાના બેટ્સમેન મુક્તપણે રમી રહ્યા છે અને સતત રેકોર્ડ તોડી રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેયસ ઐયરે પોતાની કેપ્ટનશીપમાં એવો રેકોર્ડ બનાવ્યો છે કે તેણે મહેન્દ્ર સિંહ ધોની જેવા દિગ્ગજ કેપ્ટનોને પણ પાછળ છોડી દીધા છે.

હકીકતમાં, શ્રેયસ ઐયર હવે એવા કેપ્ટનોની યાદીમાં ટોચ પર પહોંચી ગયો છે જેમણે ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વખત ૨૦૦ કે તેથી વધુ રન બનાવ્યા છે. શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ, ટીમોએ ટી૨૦ મેચોમાં ૩૭ વખત ૨૦૦ કે તેથી વધુ રન બનાવ્યા છે. તેણે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન એમએસ ધોનીને પાછળ છોડી દીધો છે, જેમણે ૩૬ વખત તેમનું નેતૃત્વ કર્યું હતું. નોંધપાત્ર રીતે, ઐયરે ધોની કરતા ઘણી ઓછી મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરી. વિરાટ કોહલી આ યાદીમાં ત્રીજા સ્થાને છે, ત્યારબાદ ફાફ ડુ પ્લેસિસ અને રોહિત શર્મા છે.

ભારતે ઈન્દોરમાં ત્રીજી ટી ૨૦ માં વેસ્ટ ઈન્ડીઝને ૧૪ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં ૨-૧ ની લીડ મેળવી લીધા પછી આ રેકોર્ડ પ્રકાશમાં આવ્યો છે. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૨૩ રન બનાવ્યા. જવાબમાં, વેસ્ટ ઈન્ડીઝ નિર્ધારિત ઓવરોમાં સાત વિકેટે ૨૦૯ રન જ બનાવી શક્યું.

# ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમને નવા કોચ સ્ટીફન ફ્લેમિંગના માર્ગદર્શન હેઠળ નવો સપોર્ટ સ્ટાફ મળવાની તૈયારી





નવીદિલ્હી,

ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમને નવા કોચ સ્ટીફન ફ્લેમિંગના માર્ગદર્શન હેઠળ નવો સપોર્ટ સ્ટાફ મળવાની તૈયારી છે. દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ મુખ્ય કોચ એરિક સિમન્સ ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમના બોલિંગ કોચ તરીકે નિયુક્ત થવાના છે. સિમન્સ લાંબા સમયથી ફ્લેમિંગ સાથે કામ કરી રહ્યા છે અને બંને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે પણ ભાગીદાર રહ્યા છે. સોમવારે ઈંગ્લેન્ડની નવી સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદી જાહેર થતાં સિમન્સની નિમણૂકની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ફ્લેમિંગ ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણીથી ઈંગ્લેન્ડના ટેસ્ટ કોચ તરીકેનો કાર્યભાર સંભાળશે. આ શ્રેણી પહેલા તેઓ તેમના સપોર્ટ સ્ટાફને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે.

ઈંગ્લેન્ડે ફરી એકવાર વિવિધ ફોર્મેટ માટે અલગ-અલગ મુખ્ય કોચ રાખવાનો નિર્ણય લીધો છે. ફ્લેમિંગ ટેસ્ટ ટીમનો હવાલો સંભાળશે, જ્યારે બ્રેન્ડન મેકકુલમ વનડે અને ટી ૨૦ ટીમોના મુખ્ય કોચ રહેશે. મેકકુલમના ટેસ્ટ કોચ તરીકેના કાર્યકાળ દરમિયાન, ઈંગ્લેન્ડે જેમ્સ એન્ડરસન, ડેવિડ સેકર અને ટિમ સાઉથી જેવા નામોને ફાસ્ટ બોલિંગ સલાહકાર તરીકે રાખ્યા હતા.

સેકર આ મહિને પાકિસ્તાનમાં વનડે ત્રિકોણીય શ્રેણી માટે ઈંગ્લેન્ડના કોચિંગ સ્ટાફનો ભાગ રહેશે. તેમની સાથે મેકકુલમના લાંબા સમયથી સહયોગી જીતન પટેલ, માઈક યાર્ડી અને કાર્લ હોપકિન્સન જોડાશે. સાઉથી અને ફિલ્ડિંગ કોચ સારાહ ટેલર, જેઓ ઈંગ્લેન્ડના ઘરેલુ ઉનાળા દરમિયાન ટીમ સાથે હતા, તેઓ શિયાળાના પ્રવાસમાં પાછળથી ફરી જોડાઈ શકે છે. આગામી ૫૦-ઓવર વર્લ્ડ કપની તૈયારી માટે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન કેવિન પીટરસનને મર્યાદિત ઓવરની ટીમ માટે બેટિંગ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જોકે, તે પાકિસ્તાન પ્રવાસ પર ટીમ સાથે રહેશે નહીં.

# બાંગ્લાદેશે શારજાહમાં ભારતીય ટીમને હરાવીને સનસનાટી મચાવી : ૩ રનથી રોમાંચક વિજય મેળવ્યો

નવીદિલ્હી,

ક્રિકેટમાં, ટર્નઅરાઉન્ડની આશા છેલ્લા બોલ સુધી રહે છે, અને આ રોમાંચક મેચ શારજાહમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મેચમાં જોવા મળી. બાંગ્લાદેશ ચેમ્પિયન્સે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાં ટાઈટલના દાવેદાર ગણાતા ભારતીય ચેમ્પિયન્સને ૩ રનથી હરાવીને મોટો અપસેટ સર્જ્યો. ૧૪૨ રનના લક્ષ્યાંકનો સામનો કરી રહેલ ભારત, નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટે માત્ર ૧૩૮ રન જ બનાવી શક્યું. બાંગ્લાદેશની જીતમાં ડાબોડી સ્પિનર ઈનામુલ હક જુનિયર અને અબુ જાયદ રાહીની ડેથ ઓવરોમાં બોલિંગે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. બાંગ્લાદેશે શરૂઆતની બે ઓવરમાં ૩૦ રન બનાવીને શાનદાર શરૂઆત કરી. જોકે, ત્રીજી ઓવરના પહેલા બોલ પર ઈમરુલ કાયસ આઉટ થયા બાદ તેમનો દાવ નિષ્ફળ ગયો. નિયમિત અંતરાલે વિકેટ પડી, જેના કારણે બાંગ્લાદેશ મોટો સ્કોર હાંસલ કરી શક્યું નહીં.

રોની તાલુકદારે ૨૫ બોલમાં ૪૦ રન બનાવીને બાંગ્લાદેશને શરૂઆતની નિષ્ફળતામાંથી બચાવવાનો પ્રયાસ કર્યો. જોકે, બીજા છેડેથી તેમને સતત સપોર્ટનો અભાવ હતો. કેપ્ટન મહમુદુલ્લાહ રિયાદ સહિત અન્ય બેટ્સમેન નોંધપાત્ર ઈનિંગ રમી શક્યા નહીં. ત્યારબાદ નાસિર હુસૈને જવાબદારી સંભાળી અને ૨૧ બોલમાં ૨૪ રન બનાવી ટીમને સ્થિર કરી. લાંબા સમય પછી પહેલી વાર બાંગ્લાદેશની જર્સીમાં રમતા નાસિરે દબાણ હેઠળ ઉપયોગી ઈનિંગ રમી. અરાફત સનીએ પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેણે ૩૮ બોલમાં ૩૭ રન બનાવીને બાંગ્લાદેશને ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૧ રન સુધી પહોંચાડવામાં મદદ કરી. ભારત તરફથી પિયુષ ચાવલા સૌથી સફળ બોલર રહ્યો, તેણે ત્રણ વિકેટ લીધી. પવન નેગી અને ઋષિ ધવન દરેકે બે વિકેટ લીધી. ૧૪૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારતીય ચેમ્પિયન ટીમની શરૂઆત ખરાબ રહી. અંબાતી રાયડુ માત્ર ચાર રન બનાવીને આઉટ થયો. સ્ટુઅર્ટ બિન્ની અને કેપ્ટન યુવરાજ સિંહ પણ લાંબો સમય ટકી શક્યા નહીં. બાંગ્લાદેશના બોલરોએ સતત વિકેટ લઈને ભારત પર દબાણ વધાર્યું. રોબિન ઉથપ્પા અને યુસુફ પઠાણની વિકેટ પડી ત્યાં સુધી ભારત ૫૫ રન સુધી પણ પહોંચ્યું ન હતું.

ઋષિ ધવને ૧૮ બોલમાં ૨૪ રન બનાવીને વાપસીની આશા જગાવી, પરંતુ ઈનામુલ હક જુનિયરે તેની વિકેટ લઈને ભારતને બીજો ફટકો આપ્યો. ઈનામુલએ તેના સ્પિનથી ભારતીય બેટ્સમેનોને મુક્તપણે રમવા દીધા નહીં.

# મનીષ ગોયલ પછી વધુ એક વાઈલ્ડકાર્ડ સ્પર્ધકે બિગ બોસ૨૦માં પ્રવેશ કર્યો



મુંબઈ,

'બિગ બોસ ૨૦' માં નાટક વધુ તીવ્ર બનવાનું છે કારણ કે બે નવા વાઈલ્ડકાર્ડ સ્પર્ધકો ઘરમાં પ્રવેશ કરે છે. મનીષ ગોયલ પછી, વધુ એક વાઈલ્ડકાર્ડ સ્પર્ધક આ 'વીકેન્ડ કા વાર' એપિસોડમાં પ્રવેશ કર્યો. નકુલ ધુલ ૧૧ ઓક્ટોબરે બિગ બોસના ઘરમાં પ્રવેશ્યો. "મિઠ્ઠુ ડોન" તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર નકુલ ધુલ તેમના વિવાદાસ્પદ નિવેદનો માટે સમાચારમાં રહે છે. આ દરમિયાન, નકુલની મહિલાઓ વિશેની ટિપ્પણીઓના જૂના વીડિયો ફરી એકવાર ઓનલાઈન સામે આવી રહ્યા છે, જેના કારણે તેમને ભારે ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

સલમાન ખાનના શોમાં બે વાઈલ્ડકાર્ડ સ્પર્ધકો, મનીષ ગોયલ અને નકુલ ધુલની એન્ટ્રી ઘરમાં મોટો ફેરફાર લાવશે. આ વાઈલ્ડકાર્ડ સ્પર્ધકોની એન્ટ્રી વાતાવરણને વધુ મસાલેદાર અને રોમાંચક બનાવવા માટે તૈયાર છે. નિર્માતાઓએ બે નવા વાઈલ્ડકાર્ડ સ્પર્ધકો રજૂ કર્યા છે, જેઓ તેમની હાજરીથી શોમાં એક નવો વળાંક અને હલચલ લાવવા માટે તૈયાર છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે નકુલ ધુલ અને મનીષ ગોયલ તેમની હાજરીથી શોમાં જોશ ફેલાવશે અને હાલના સમીકરણોને પ્રભાવિત કરશે.

જે લોકો જાણતા નથી તેમના માટે, નકુલ ધુલ હરિયાણાના એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને કન્ટેન્ટ સર્જક છે.

# એકતા કપૂરે ૧૫ વર્ષ પછી ધ ડર્ટી પિક્ચરની સિક્વલ ફિલ્મ બનાવવાની જાહેરાત કરી





મુંબઈ,

૨૦૧૧ માં આવેલી વિદ્યા બાલન અભિનીત 'ધ ડર્ટી પિક્ચર' બોક્સ ઓફિસ પર ખૂબ જ સફળ રહી હતી. આ ફિલ્મમાં વિદ્યા બાલને ૧૯૮૦ના દાયકાની આઈકોન સિલ્ક સ્મિથાની ભૂમિકા ભજવી હતી, અને તે તેના કરિયરની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. આ ફિલ્મે વિદ્યા બાલનને ઉદ્યોગની ટોચની અભિનેત્રીઓમાંની એક તરીકે સ્થાપિત કરી. હવે, 'ધ ડર્ટી પિક્ચર'ના ૧૫ વર્ષ પછી, એકતા કપૂરે ફિલ્મની સિક્વલ બનાવવાની જાહેરાત કરી છે. તેણીએ જણાવ્યું હતું કે 'ધ ડર્ટી પિક્ચર ૨' પર કામ શરૂ થઈ ગયું છે અને તેણીને સ્ક્રિપ્ટ મળી ગઈ છે.

રણવીર અલ્લાહબાડિયાના પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન એકતા કપૂરે 'ધ ડર્ટી પિક્ચર ૨' ની જાહેરાત કરી હતી. તેણીએ જણાવ્યું હતું કે ફિલ્મ પર કામ શરૂ થઈ ગયું છે, જોકે તેણીએ મુખ્ય અભિનેત્રી કોણ હશે અથવા વાર્તા શું હશે તે જાહેર કર્યું નથી. એકતાએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ હાલમાં તે જે સૌથી મોટી ફિલ્મો પર કામ કરી રહી છે તેમાંની એક છે. એકતા કપૂરે કહ્યું, "હું એક ખૂબ મોટી ફિલ્મ પર કામ કરી રહી છું. "ધ ડર્ટી પિક્ચર ૨," હું ૧૫ વર્ષ પછી આ ફિલ્મનું આયોજન કરી રહી છું, અને મને લાગે છે કે આ વખતે મારી પાસે એક વાર્તા છે જે હું ચોક્કસપણે કહેવા માંગુ છું.

૨૦૧૧ માં રિલીઝ થયેલી "ધ ડર્ટી પિક્ચર" ની સફળતાને યાદ કરતા, એકતા કપૂરે કહ્યું, "ધ ડર્ટી પિક્ચર સિલ્ક સ્મિથાની વાર્તા કહે છે. તે એક મહિલાની વાર્તા હતી જેનો જાતીયતા સ્વીકારવા બદલ દુર્વ્યવહાર થયો હતો. જાતીયતા એક વ્યક્તિગત પસંદગી છે. મેં તેને ક્યારેય પીડિત તરીકે જોઈ નથી. મેં હંમેશા તેણીને એક એવી મહિલા તરીકે જોઈ જે પોતાની જાતીયતાનો ઉત્સવ ઉજવતી હતી, અને આ ફિલ્મ ખૂબ જ સફળ રહી." એકતાએ એમ પણ કહ્યું કે સિક્વલની વાર્તા પણ એક મહિલાના જીવનથી પ્રેરિત હશે, પરંતુ તેણે એ જાહેર કર્યું નહીં કે ફિલ્મ કઈ સ્ત્રી પર આધારિત હશે.

આ વાતચીત દરમિયાન, એકતા કપૂરે તે દિવસો વિશે વાત કરી જ્યારે તે માત્ર ૧૭ વર્ષની હતી અને પોતાની કારકિર્દી બનાવવા માટે સખત મહેનત કરતી હતી. તેના શો વિશે વાત કરતા, એકતા કપૂરે કહ્યું, "હું મારા શોના દરેક એપિસોડ જોતી હતી. એક સમય હતો જ્યારે હું છ મહિના સુધી ઘરે જતી નહોતી, ભલે મારું ઘર મારી ઓફિસથી માત્ર ૧૦ મિનિટના ચાલવાના અંતરે હોય. કોઈને તેના વિશે ખબર નહોતી. હું ફક્ત ૧-૨ કલાક માટે સ્નાન કરવા અથવા આરામ કરવા જતી અને પછી પાછી આવતી. "મારો ટૂથબ્રશ પણ ઓફિસમાં રાખવામાં આવ્યો હતો."

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્રિ | ક | સ | લ | કા | નિ | સ | પ્ર | સા | ભો | ગ | લ |
| દુ | વે | દુ | નિ | યા | વે | મા | ક | પ્ર | ર | ડો | દ |
| વિ | બ | ણી | દ | બ | દ | બો | ક | વ | ર | રા | કા |
| ધા | ભો | કા | ન | ળ | ન | ર | શ | બા | કા | બ | સ |
| ધ | ક | લ | ર | ક | ણ | ઓ | ળ | ક | ણા | ક | કા |
| ર | અ | દ | કે | કા | ર | દ | સ | ર | ભો | તુ | ર |
| કા | કા | કા | સ | વા | ર | મ | હા | ચી | ન | દ | ઈ |
| ન | ભો | મા | રી | લ | ણે | ર | ત્રિ | ક | ર | બં | કા |
| મ | ચી | હા | અ | બ | લા | કો | સ | તુ | ધ | ભો | ગ |
| બં | ભ | ણ | બ | ર | ણ | દ | તુ | ક | ધી | શિ | ભો |
| ણે | રો | જ્ઞા | ક | દ | શિ | ફ | મા | મ | ર | ચા | ઉ |
| ધો | ર | ણ | જ | ર | ગ | લ | ક | તુ | જ | મા | ળ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# હું પોલીસના રોલમાં ફસાઈ જવા માંગતો નથી જયદીપ અહલાવતને ટાઈપકાસ્ટ થવાનો ડર

મુંબઈ,

જયદીપ અહલાવત હાલમાં 'દ્રશ્યમઃ ધ કન્ક્લુઝન' ની સફળતાની ઉજવણી કરી રહ્યો છે. ૨ ઓક્ટોબરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મે રિલીઝ પહેલા જ એડવાન્સ બુકિંગ સાથે જોરદાર સફળતા મેળવવાનું શરૂ કરી દીધું હતું. હવે તેણે બોક્સ ઓફિસ પર ૩૦૦ કરોડનો આંકડો વટાવી દીધો છે અને વિશ્વભરમાં ૪૫૦ કરોડથી વધુની કમાણી કરી છે. ફિલ્મમાં જયદીપ અહલાવત સીબીઆઈ પોલીસ અધિક્ષક (એસપી) રાજીવ તોમરની ભૂમિકા ભજવે છે, અને તેમના અભિનયને ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યો છે. પરિણામે, જયદીપ અહલાવત સ્પષ્ટ કરી દીધું છે કે તે પોલીસ અધિકારી તરીકે ટાઈપકાસ્ટ બનવા માંગતો નથી, એટલે કે તે વારંવાર પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવા માંગતો નથી. વૈરાઈટીમાં વાત કરતા જયદીપ અહલાવતએ કહ્યું કે "દ્રશ્યમ ૩" ની સફળતાની તેમની કારકિર્દી પર શું અસર પડશે તે તેઓ આગાહી કરી શકતા નથી, કારણ કે ભવિષ્ય અણધાર્યું છે. તેમણે સ્પષ્ટપણે એમ પણ કહ્યું કે તેઓ તેમની કારકિર્દીમાં ટાઈપકાસ્ટ બનવા માંગતા નથી. તેઓ નથી ઈચ્છતા કે "દ્રશ્યમ ૩" ની સફળતા પછી લોકો તેમને ફક્ત પોલીસ અધિકારી તરીકે જુએ અને તેમને ફક્ત સમાન ભૂમિકાઓ ઓફર કરવામાં આવે. વાતચીત દરમિયાન જયદીપ અહલાવતે કહ્યું, "મને ખબર નથી કે દ્રશ્યમ ૩ ની સફળતા મારા કરિયરમાં કેવી રીતે ફેરફાર લાવશે, પરંતુ મને આશા છે કે આ એક સકારાત્મક પરિવર્તન હશે. મને આશા છે કે આ પછી મને વધુ પડકારજનક અને લાભદાયી ભૂમિકાઓ મળશે. મને આશા છે કે મને વારંવાર પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવાનું કહેવામાં નહીં આવે. હું ફક્ત વધુ પડકારો, સારી સ્ક્રિપ્ટો અને મહાન કલાકારો સાથે કામ કરવાની તક ઈચ્છું છું. મને આશા છે કે ભવિષ્યમાં બધું સારું રહેશે." જયદીપ અહલાવતે ફિલ્મ માટે સંમત થવાનું કારણ પણ સમજાવ્યું. તેમણે સમજાવ્યું કે "દ્રશ્યમ ૩" માં જોડાવાનું સરળ નહોતું. પ્રોજેક્ટમાં રસ હોવા છતાં, તેમના સમયપત્રકને કારણે તેમના માટે શૂટિંગ માટે સમય કાઢવો મુશ્કેલ બન્યો. ઘરેલુ બોક્સ ઓફિસ પર દ્રશ્યમ ૩ નું બોક્સ ઓફિસ કલેક્શન ૩૦૯ કરોડ (આશરે ૩.૦૯ બિલિયન) સુધી પહોંચી ગયું છે.

# ઐશ્વર્યા રાયે સસરા અમિતાભ બચ્ચનને ખાસ અંદાજમાં જન્મદિવસની શુભેચ્છા પાઠવી





મુંબઈ,

અમિતાભ બચ્ચનનો જન્મદિવસ તેમના ચાહકો માટે કોઈ ઉજવણીથી ઓછો નથી. દર વર્ષે ૧૧ ઓક્ટોબરે, અમિતાભ બચ્ચનના જન્મદિવસ પર, તેમના બંગલા, જલસાની બહાર ચાહકોની ભીડ એકઠી થાય છે અને બિગ બી પોતે તેમને શુભેચ્છા પાઠવવા માટે તેમના ઘરના ગેટ પર આવે છે. આ વર્ષે અમિતાભ બચ્ચને તેમનો ૮૪મો જન્મદિવસ ઉજવ્યો. આ પ્રસંગે, તેમને તેમના ચાહકો અને ફિલ્મ ઉદ્યોગની ઘણી જાણીતી હસ્તીઓ તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ મળી. દ્વમ્ઝ ૧૮ એ પણ અમિતાભ બચ્ચનનો જન્મદિવસ ખૂબ જ ખાસ રીતે ઉજવ્યો. જોકે, અમિતાભ બચ્ચનના જન્મદિવસ પર એક પોસ્ટ જેણે બધાનું ધ્યાન ખેંચ્યું તે તેમની પુત્રવધૂ ઐશ્વર્યા રાય બચ્ચનની હતી, જેમણે સોશિયલ મીડિયા પર બિગ બીનો એક અદ્રશ્ય ફોટો શેર કર્યો અને તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી.

ઐશ્વર્યાએ રવિવારે હિન્દી સિનેમાના સુપરસ્ટાર, સસરા, ઈન્સ્ટાગ્રામ પર એક મીઠી પોસ્ટ શેર કરી. બિગ બીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા, ઐશ્વર્યાએ તેમનો અને પુત્રી આરાધ્યા બચ્ચનનો એક મીઠી ફોટો શેર કર્યો, જેમાં દાદા અને પૌત્રી વચ્ચેનો પ્રેમ સ્પષ્ટપણે દેખાય છે. ફોટામાં, આરાધ્યા તેના દાદાને ગળે લગાવતી જોવા મળે છે.

# જામનગરમાં લોહાણા મહાજન વાડીમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં પંચેશ્વર ટાવર પાસે આવેલ શ્રી લોહાણા મહાજન વાડીમાં લોહાણા મહાજન નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ નોરતે માઁ આદ્યશક્તિની આરાધના પછી જામનગર લોહાણા મહાજન પ્રમુખ ભરતભાઇ મોદી, ઉપપ્રમુખ ચેતનભાઇ માધવાણી સહિતના રઘુવંશીઓના હસ્તે દિપ પ્રાગટ્ય વડે મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ નોરતે ભૂલકાઓએ ભારત માતાના પાત્ર સાથે દેશભક્તિની થીમ પર રાસ પ્રસ્તુત કરતા જમાવટ થઇ હતી. આ ઉપરાંત ખેલૈયાઓ પરંપરાગત ગરબાઓ અને અર્વાચીન લોકપ્રિય ગરબાઓ ઉપર ઝૂમ્યા હતાં.

### ધ્રોલ-જોડિયા હાઈવે પર ૧૦૮ ટીમની સમયસૂચકતા

## ખીરી પાટિયા પાસે જટિલ ડિલિવરી કરાવી માતા-બાળકને નવજીવન આપ્યું

ધ્રોલ (સંજય ડાંગર) : રાજ્યમાં કટોકટીના સમયે દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થતી ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમે વધુ એક વખત ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જોડિયાથી જામનગર જઈ રહેલી એક ગંભીર સગર્ભા માતાની હાઈવે પર જ સફળ પ્રસૂતિ કરાવીને ૧૦૮ ના સ્ટાફે માતા અને નવજાત શિશુ બંનેના જીવ બચાવી લીધા છે.



વિગત મુજબ, જોડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર હેઠળ રહેલા એક સગર્ભા માતાની સ્થિતિ ગંભીર જણાતાં તબીબો દ્વારા તેઓને વધુ સારવાર માટે તાત્કાલિક જામનગર હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. દર્દીને લઈને ધ્રોલ CHC IF ૧૦૮ એમ્બ્યુલન્સ રવાના થઈ હતી, પરંતુ હાઈવે પર ખીરી પાટિયા નજીક પહોંચતા જ મહિલાને અચાનક અસહ્ય પ્રસૂતિ પીડા ઉપડી હતી. સ્થિતિ અત્યંત નાજુક હોવાથી એમ્બ્યુલન્સને રસ્તામાં જ થોભાવી તાત્કાલિક પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લેવાયો હતો. આ કેસ સામાન્ય કરતાં ઘણો જટિલ હતો, કારણ કે નવજાત બાળકના ગળામાં ૩ કોર્ડ (ગર્ભનાળની આંટી) વીંટળાયેલી હતી અને સાથોસાથ હાર્ટ ડિફેક્ટ (હૃદયની ખામી) પણ સામે આવી હતી, જેના કારણે બાળકનો જીવ જોખમમાં મુકાઈ ગયો હતો.

આવા ગંભીર અને કટોકટીભર્યા સંજોગોમાં ૧૦૮ના ઉચ્ચ તબીબો ડૉ. જે. ડી. પટેલ, ડૉ. હર્ષ સર તેમજ જયદેવસિંહ જાડેજા દ્વારા તાત્કાલિક લાઈવ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વરિષ્ઠ તબીબોના સતત માર્ગદર્શન હેઠળ ઘટનાસ્થળે હાજર ઓન-ફિલ્ડ ઈરૂ નકુમ હેતલ અને પાઈલોટ હરપાલસિંહ સરવૈયાએ સૂઝબૂઝ અને ભારે જહેમત બાદ સફળતાપૂર્વક નોર્મલ ડિલિવરી સંપન્ન કરાવી હતી.

પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળક બંનેને સુરક્ષિત અને સ્થિર હાલતમાં જામનગર સરકારી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. બંને જીવ બચી જતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ૧૦૮ ની સમગ્ર ટીમની તાત્કાલિક કામગીરી તથા સેવાભાવનાની ભારે પ્રશંસા કરી આભાર માન્યો હતો.

## ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના સ્ત્રીરોગ વિભાગની OPD હિંમતનગર રોડ ખાતે કાર્યરત




જામનગર : જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓ અને જાહેર જનતાની સુવિધા અર્થે હોસ્પિટલ તંત્ર દ્વારા ગાયનેકોલોજી (સ્ત્રીરોગ) વિભાગની ૢ સોમવાર, તા. ૧૨/૧૦ થી ૨૦૦ બેડ પીડિયાટ્રિક બિલ્ડીંગ પાછળ, હિંમતનગર રોડ ખાતે સ્થળાંતરિત કરવામાં આવી છે. આરોગ્ય સેવાઓમાં સુગમતા જળવાઈ રહે અને સારવાર અર્થે આવતી સગર્ભા મહિલાઓ, સ્ત્રીરોગ સંબંધિત સારવાર લેતી દર્દીઓ તથા ગ્રામ્ય કે દૂરના વિસ્તારોમાંથી આવતા સગાં-સંબંધીઓને કોઈ અગવડતા કે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે હેતુથી જી. જી. હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ દર્દીઓ અને તેમના પરિજનોને સ્ત્રીરોગ સંબંધિત તમામ તપાસ અને સારવાર માટે હિંમતનગર રોડ પર આવેલ ૨૦૦ બેડ પીડિયાટ્રિક બિલ્ડીગ પાછળના નવા ૢ વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે

## જામનગરમાં ૬૪ જોગણી દ્વારા 'માં'ની આરાધના

જામનગર : જામનગર શહેરના વંડાફળી વિસ્તારમાં વર્ષોથી યોજાતી ૬૪ જોગણી ગરબી નવરાત્રિનું એક આગવું આકર્ષણ બની રહી છે. આ ગરબીની વિશેષતા એ છે કે તેમાં પાંચ વર્ષથી નાની ૬૪ બાળાઓ માતાજીનાં ગુણગાન ગાઈને ગરબે ઘૂમે છે અને ભક્તિભાવપૂર્વક આરાધના કરે છે. નાની-નાની બાળાઓના મનમોહક રાસ અને ભક્તિમય માહોલને નિહાળવો એ શ્રદ્ધાળુઓ માટે એક અનોખો લહાવો બની રહે છે.

વંડાફળીની આ વિશિષ્ટ ગરબી નિહાળવા બાળાઓનાં વાલીઓ, પરિવારજનો ઉપરાંત જામનગરના અન્ય નગરજનો પણ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. નાની બાળાઓના તાલબદ્ધ રાસ અને માતાજીની આરાધનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. પરંપરા, સંસ્કાર અને શ્રદ્ધાનો સુંદર સમન્વય રજૂ કરતી વંડાફળીની ૬૪ જોગણી ગરબી જામનગર શહેર માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.




તસવીરઃ સુનિલ ચુડાસમા

## 6G ટેકનોલોજી અપનાવવામાં ભારત અગ્રણી દેશોમાં સ્થાન મેળવી શકે છેઃ જિયો

નવી દિલ્હી : ભારતની અગ્રણી ટેલિકોમ કંપની જિયો હવે 6G ટેક્નોલોજીના યુગમાં પ્રવેશવા સજ્જ થઈ રહી છે. કંપનીના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૩૦માં ૬૪ના વૈશ્વિક ધોરણો નક્કી થયા બાદ આ અદ્યતન ટેક્નોલોજીનો પ્રારંભ કરનારા અગ્રણી દેશોમાં ભારત સ્થાન મેળવી શકે છે.જિયોએ ૬૪ પૂર્વેની ટેક્નોલોજી આધારિત પોતાની 'પ્રી-૬૪સ્ટેક' સિસ્ટમ અને 'ગીગા મીમો રેડિયો' વિકસાવ્યાં છે. નવી દિલ્હીમાં ચાલી રહેલી ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૬માં આ બન્ને અદ્યતન ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

જિયોના જણાવ્યા અનુસાર, ૬૪ નેટવર્કની ક્ષમતા હાલના ૫૪ નેટવર્કની સરખામણીએ પાંચ ગણી વધુ ઝડપી બની શકે છે, જ્યારે નેટવર્કમાં વિલંબ (લેટન્સી) ઘટાડીને લગભગ દસમા ભાગનો કરવાનો લક્ષ્યાંક છે.સરળ શબ્દોમાં કહીએ તો, 6G નેટવર્ક એકસાથે વધુ પ્રમાણમાં ડેટાની આપ-લે કરી શકવાની સાથે એકસમાન સમયમાં એકથી વધુ વપરાશકર્તાઓને વધુ ઝડપી સેવા આપી શકશે. એટલું જ નહીં, હાલની સરખામણીએ વધુ ઝડપથી કોઈ પણ આદેશનો પ્રતિસાદ પણ આપી શકશે. સાથે જ, ૬૪માં ડેટાની ઝડપમાં પણ નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.આ પ્રગતિથી રિયલ-ટાઈમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હોલોગ્રાફિક વીડિયો, આરોગ્યસેવા, શિક્ષણ અને નવી પેઢીની અન્ય ડિજિટલ સેવાઓમાં નવી ઉપલબ્ધિઓના દ્વાર ખૂલી શકે છે.

IMCમાં જિયોના પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ તેની 'ગીગા મીમો રેડિયો' ટેક્નોલોજી છે, જેને કંપની ભારતની પ્રથમ ટેક્નોલોજી ગણાવે છે. જિયોએ એક એવું સંયુક્ત બેઝબેન્ડ યુનિટ પણ રજૂ કર્યું છે, જે ૫૪ અને 6G બંને ટેક્નોલોજીને સપોર્ટ કરી શકે છે. આ તકે, ઉલ્લેખનીય છે કે, ૬૪ની દિશામાં આગળ વધવાની સ્પર્ધા માત્ર નેટવર્કની વધુ ક્ષમતા કે ઝડપી પ્રતિસાદ સમય પૂરતી મર્યાદિત રહેતી નથી. તેમાં આગામી પેઢીની કનેક્ટિવિટીનું સ્વરૂપ નક્કી કરનારી ટેક્નોલોજી વિકસાવવામાં અને તેના વૈશ્વિક ધોરણો ઘડવામાં યોગદાન આપવું પણ એટલું જ મહત્વપૂર્ણ રહેશે.જિયોના જણાવ્યા અનુસાર, કંપનીએ ૬૪ સંબંધિત સેંકડો પેટન્ટ સહિત ૮,૦૦૦થી વધુ પેટન્ટ માટે અરજીઓ કરી છે. વૈશ્વિક ધોરણોના નિર્ધારણમાં પણ કંપનીએ ૯૩૪થી વધુ યોગદાન આપ્યાં હોવાનો દાવો કર્યો છે.

જિયોને અપેક્ષા છે કે ૬૪ ટેક્નોલોજીથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સેવાઓ વધુ ઝડપી અને પ્રતિભાવશીલ બનશે. ખાસ કરીને, જ્યાં ત્વરિત માહિતી અને સચોટ જવાબો મેળવવા જરૂરી હોય તેવા સંજોગોમાં આ ટેક્નોલોજી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.ૃસ્રમાં જિયોએ ખેડૂતો, તબીબો અને વિદ્યાર્થીઓ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા (છૈં) આધારિત સેવાઓની પ્રતિબદ્ધતાઓ પણ રજૂ કરી હતી. આ ઉપરાંત, જિયો છૈં-આધારિત અને ક્વોન્ટમ ટેક્નોલોજી સામે વધુ સુરક્ષિત નેટવર્ક વિકસાવવાની દિશામાં પણ કામ કરી રહ્યું છે. આ પહેલનો હેતુ વધુ ઝડપી કનેક્ટિવિટી સાથે નેટવર્કની સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો છે. જિયાની 6G ક્ષેત્રે મહત્વાકાંક્ષા માત્ર મોબાઈલ નેટવર્કની આગામી પેઢી શરૂ કરવા પૂરતી મર્યાદિત નથી.કંપની હાર્ડવેર, સોફ્ટવેર, પેટન્ટ અને વૈશ્વિક ધોરણો એમ ચાર મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં પોતાની મજબૂત ઉપસ્થિતિ સ્થાપિત કરવા માગે છે. મહત્વપૂર્ણ છે કે, જિયોએ પોતાની 6G પરિકલ્પનાને 'ભારતનું ૬૪ સાકાર થવાની દિશામાં' અને 'ભારતથી સમગ્ર વિશ્વ સુધી' એમ બે મુખ્ય વિષયો દ્વારા રજૂ કરી છે.

## જામજોધપુરની મહીડી વીડીની મુલાકાત લેતા રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી




જામનગર : રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ મહીડી વીડીની મુલાકાત લઈને સમગ્ર વિસ્તારની સ્થિતિ તથા વન વિભાગ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીની વિસ્તૃત માહિતી મેળવી હતી.

મંત્રીએ મહીડી વીડી ખાતે વન વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી વિસ્તારના ઘાસ ઉત્પાદન અંગે જાણકારી મેળવી હતી. અધિકારીઓ દ્વારા મહીડી વીડીમાં ઉપલબ્ધ ઘાસની વિવિધ જાતો, તેના ઉત્પાદનનું પ્રમાણ, ઘાસની ગુણવત્તા તેમજ સ્થાનિક સ્તરે તેની ઉપયોગિતા અંગે મંત્રીને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત મંત્રીએ વિસ્તારમાં થતા ઘાસના ઉત્પાદનને વધુ સુવ્યવસ્થિત રીતે જાળવવા તેમજ જરૂરિયાતના સમયે તેનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે ઘાસના સંગ્રહની કામગીરી અંગે પણ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ઘાસની ઉપલબ્ધતા, સંગ્રહ કરવાની પદ્ધતિ અને અન્ય જરૂરી કાળજી સહિતના વિવિધ પાસાઓ અંગે પણ માહિતી મેળવી હતી.

૪૯૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલ મહીડી વીડીના સમગ્ર વિસ્તારની મુલાકાત દરમિયાન મંત્રીએ વન વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી, કુદરતી સંસાધનોના સંરક્ષણ તથા ઘાસના સંવર્ધન સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે ઉપલબ્ધ કુદરતી સંસાધનોનું યોગ્ય સંચાલન થાય અને તેનો સ્થાનિક જરૂરિયાત મુજબ મહત્તમ ઉપયોગ થઈ શકે તે દિશામાં જરૂરી કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મહીડી વીડી જેવા વિસ્તારોમાં ઉપલબ્ધ ઘાસના સંવર્ધન અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સંગ્રહ થકી પશુધન માટે ઘાસની ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે વન વિભાગની કામગીરી મહત્વપૂર્ણ બની રહે છે. મંત્રીની મુલાકાતથી આ સમગ્ર કામગીરી અંગે સ્થળ પર જ જરૂરી માહિતી અને માર્ગદર્શનની આપ-લે થઈ હતી. તેમની સાથે જૂનાગઢ વર્તુળના વનસંરક્ષક મોહનરામ, નાયબ વન સંરક્ષક રાધિકા પરસાણા, વન વિભાગના અધિકારીઓ, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સલાયા લોહાણા મહાજન આયોજિત નવરાત્રી મહોત્સવનો થયો પ્રારંભ



તસવીર : આનંદ લાલ

સલાયા : સલાયા લોહાણા મહાજન દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવનો ધાર્મિક માહોલમાં ઉમંગભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. સલાયા લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ લાલ દ્વારા માતાજીની સ્થાપના અને પૂજન-અર્ચન કરવામાં આવતાં નવરાત્રી મહોત્સવની શરૂઆત થઈ હતી. આ પૂજન વિધિ વિદ્વાન શાસ્ત્રી રાજુભાઈ રીસ્કા દ્વારા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે નવરાત્રી મહોત્સવ સમિતિના સભ્યો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ નવરાત્રી મહોત્સવમાં સમસ્ત હિન્દુ સમાજની બાળાઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માતાજીના ધાર્મિક ગરબા ગાઈ ભક્તિભાવપૂર્વક આરાધના કરી રહી છે. નવરાત્રી દરમિયાન બાળાઓને દરરોજ અલગ-અલગ નાસ્તા ઉપરાંત દૂધ અને આઈસક્રીમનું વિતરણ દાતાઓના સહયોગથી કરવામાં આવે છે. આ રીતે ધાર્મિક પરંપરા, સંસ્કાર અને ભક્તિભાવ સાથે બાળાઓને નવરાત્રી પર્વની ઉજવણી કરવાનો સુંદર અવસર મળી રહ્યો છે. સલાયા લોહાણા મહાજન દ્વારા આયોજિત આ નવરાત્રી મહોત્સવમાં ભક્તિ અને ઉત્સાહનો સુંદર સમન્વય જોવા મળી રહ્યો છે.

## જામનગરના ટાઉનહોલ ખાતે રંગોળી-કોલાજ વર્ક પ્રદર્શન યોજાયું





જામનગર : કલા, સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિના ત્રિવેણી સંગમ સમાન ગુજરાત સરકારના યશસ્વી નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને રાજ્ય સરકારના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની પ્રેરણાદાયી આગેવાની હેઠળ, જિલ્લા યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા જામનગરના ટાઉનહોલ ખાતે સેવાના રંગ રાષ્ટ્રને સંગ શીર્ષક હેઠળ એક દિવ્ય અને ભવ્ય રંગોળી તથા કોલાજ વર્ક સ્પર્ધા-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભક્તિ અને સર્જનાત્મકતાના રંગોમાં રંગાયેલા આ મંચ પર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓના ઉત્સાહી શિક્ષકોએ પોતાના કલા-કૌશલ્યના અજોડ દર્શન કરાવ્યા હતા. સહભાગી બહેનોએ અંદાજે ૨૫ કલાક જેટલા દીર્ઘ સમય સુધી અવિરત જહેમત ઉઠાવીને, આગામી "વિકસિત ભારત - ૨૦૪૭"ના સ્વપ્નને સાર્થક કરતી કલ્પનાશીલ અને મંત્રમુગ્ધ કરી દે તેવી બે ભવ્ય રંગોળી તથા કોલાજ કૃતિઓ રજૂ કરી હતી. આ કલાસાધનાએ ઉપસ્થિત સૌ કોઈના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની દીપમાળા પ્રજ્વલિત કરી હતી. આ સમગ્ર રચનાત્મક અને પ્રેરણાદાયી અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ખાખરીયા, જામનગર શહેર મહામંત્રી રાકેશભાઈ માકડિયા અને ઉપપ્રમુખ હેતલબેન પંચમતિયા દ્વારા દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ સુંદર ટીમવર્કના માધ્યમથી કલાની પરાકાષ્ઠા સર્જનાર તેજસ્વી શિક્ષિકા બહેનોની ટીમો રેણુકાબેન મંડલી, બીનાબેન પોપટ, કુંદનબેન દાવડા, નિધિબેન વ્યાસ અને અલ્પાબેન પટેલ. દીપ્તિબેન સાકડેચા, પોલોમીબેન વ્યાસ, પૂર્ણિમાબેન પંડ્યા, ધર્મીશાબેન વડગામા અને રચનાબેન ઘેડિયા. જહેમત ઉઠાવી હતી. કલા અને સંસ્કૃતિના આ મહાપર્વ કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધિરેનભાઈ મોનાણી, શાસક જૂથ નેતા અમરભાઈ મોદી, યુવા વિકાસ અધિકારી પઠાણ તેમજ માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરાએ ઉપસ્થિત રહી સ્પર્ધકોના ઉત્સાહને બિરદાવ્યો હતો અને તેમનું મનોબળ વધાર્યું હતું.

### હેપ્પી બર્થ-ડે

## સાહિલ મુલ્લાનો આજે જન્મદિન



સિક્કા ગામના સામાજિક કાર્યકર અને પત્રકાર સલીમ મુલ્લાં ના સુપુત્ર સાહિલ મુલ્લા નો આજ રોજ તા.૧૩/૧૦/૨૬ જન્મ દિવસ હોય જેથી સૌરાષ્ટ્ર આસપાસ ન્યૂઝ પરિવાર તરફથી સાહિલ મુલ્લાને જન્મ દિવસની હાર્દિક શુભ કામનાઓ પાઠવવામાં આવે છે.

# ભારતમાં મોંઘવારી બે વર્ષના સૌથી ઊંચા સ્તરે પહોંચી

## દેશમાં દિવાળીના તહેવારો પૂર્વે મોંઘવારીએ માજા મૂકી : છૂટક ફુગાવાનો આંક રિઝર્વ બેંકના અંદાજને પણ વટાવી ગયો




નવી દિલ્હી

દેશમાં તહેવારો પૂર્વે મોંઘવારીમાં વધારો થયો છે. આ અંગે પ્રકાશમાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ ભારતમાં છૂટક ફુગાવાનો દર ઓગસ્ટના ૪.૮૩ ટકા થી વધીને સપ્ટેમ્બરમાં ૫.૫૪ ટકા નોંધાયો છે. જેના લીધે લોકોની ચિંતા પણ વધારો થયો છે. કારણ કે મોંઘવારી બે વર્ષના સૌથી ઉંચા સ્તરે પહોંચી છે.

આ વધારાનું મુખ્ય કારણ ખાદ્યપદાર્થો અને ખાસ કરીને શાકભાજીના ભાવમાં થયેલો તીવ્ર વધારો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ના ૪ ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંક કરતાં ફુગાવો વધુ રહ્યો હોય તેવો આ સતત ચોથો મહિનો છે. આ સ્થિતિ ફુગાવા અંગેના સતત દબાણને દર્શાવે છે. તેમા પણ ખાસ કરીને એવા સમયે જયારે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, રૂપિયાનું નબળું મૂલ્ય અને કૃષિ ઉત્પાદન અંગેની ચિંતાઓ ફુગાવાની સ્થિતિને વધુ જટિલ બનાવી રહી છે.

છૂટક ફુગાવો સૌપ્રથમ જૂનમાં આરબીઆઈના ૪ ટકાના લક્ષ્યાંકને વટાવી ગયો હતો. જે મે મહિનાના ૩.૯૩ ટકા થી વધીને ૪.૩૮ ટકા થયો હતો. સપ્ટેમ્બરમાં ગ્રામીણ ઞ ફુગાવો ઓગસ્ટના ૫.૨૪ ટકા થી વધીને ૬.૦૮ ટકારહ્યો હતો. જયારે શહેરી ફુગાવાનો દર આગામી મહિને ૪.૩૧ ટકાથી વધીને ૪.૮૮ ટકા રહ્યો હતો.

આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેના તેના ફુગાવાના અંદાજને પણ ૫.૦ ટકાથી વધારીને ૫.૨ ટકા કર્યો છે. આ સુધારા માટે જવાબદાર પરિબળોમાં ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, ખાદ્યપદાર્થોના ઊંચા ભાવ અને નબળા પડતા રૂપિયાની આયાતી ફુગાવા પર થતી અસરનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બરમાં નોંધાયેલો ૫.૫૪ ટકાનો ફુગાવાનો દર ભારતની સુધારેલી ઞ શ્રેણી હેઠળ અત્યાર સુધીનો સૌથી ઊંચો દર છે. આ શ્રેણીમાં ૨૦૨૪નું નવું આધાર વર્ષ અને વપરાશની અદ્યતન બાસ્કેટનો સમાવેશ થાય છે. આ અગાઉ ગ્રાહક ભાવમાં ઓગસ્ટમાં ૪.૮૩ ટકા અને જુલાઈમાં ૪.૪૫ ટકાનો વધારો થયો હતો.

સપ્ટેમ્બરના આ આંકડા ઈઁની મોનેટરી પોલિસી કમિટી (ઞ) દ્વારા ૭ ઓક્ટોબરના રોજ બેન્ચમાર્ક રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરીને તેને ૫.૫૦ ટકા કરવામાં આવ્યાના થોડા દિવસો બાદ જ જાહેર કરવામાં આવ્યા હતા. ફુગાવાના વધતા જોખમોને કારણે લગભગ ચાર વર્ષમાં વ્યાજ દરમાં કરવામાં આવેલો આ પ્રથમ વધારો હતો.

આ ઉપરાંત રોઈટર્સના એક સર્વેક્ષણમાં સપ્ટેમ્બર મહિના માટે છૂટક ફુગાવાનો દર ૫.૪૦ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. આ દર ઓગસ્ટમાં નોંધાયેલા ૪.૮૨ ટકાના દર કરતાં વધુ હતો.

# જાપાન ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણના સૌથી મોટા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું

## જાપાનનું એક દાયકામાં ભારતમાં ૭ લાખ કરોડનું રોકાણ કરવાનું લક્ષ્ય

નવીદિલ્હી,

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) જાપાન ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણના સૌથી મોટા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. સરકારી માહિતી અનુસાર, જાપાને આ સમયગાળા દરમિયાન ૫.૭૧ બિલિયનનું રોકાણ કર્યું હતું, જે સમગ્ર ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં મળેલા ઇં૩.૭૪ બિલિયન કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં, જાપાને ભારતમાં ૨.૪૮ બિલિયનનું રોકાણ કર્યું હતું.

માહિતી અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારત દ્વારા પ્રાપ્ત થયેલા ૧૯.૮૧ બિલિયનના કુલ ઈક્વિટી રોકાણમાં જાપાનનો હિસ્સો આશરે ૨૯ ટકા હતો. ૨૦૨૫ સુધીમાં, જાપાને એક દાયકામાં ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન (આશરે ૭ લાખ કરોડ)નું રોકાણ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. તેણે અત્યાર સુધીમાં ભારતમાં ૧ લાખ કરોડનું રોકાણ કર્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે ગયા મહિને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવા માટે જાપાનની મુલાકાત લીધી હતી. નાગોયામાં, તેમણે કહ્યું કે જાપાની કંપનીઓએ એક દાયકામાં ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન (આશરે ૬ લાખ કરોડ) રોકાણ કરવાની તેમની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે ભારતમાં ૧ લાખ કરોડ (આશરે ૬ લાખ કરોડ)નું રોકાણ કરી ચૂકી છે. જાપાની સંસ્થાકીય રોકાણકારો હવે ભારતમાં વધુ સક્રિય થઈ રહ્યા છે

ડેલોઈટ ઈન્ડિયાના ભાગીદાર અનિલ તલરેજાએ જણાવ્યું હતું કે જાપાની સંસ્થાકીય રોકાણકારો ભારતમાં વધુસક્રિય થઈ રહ્યા છે, અને જાપાની નાણાકીય સંસ્થાઓની ભાગીદારી વધી રહી છે. તેમણે કહ્યું કે ભૂરાજકીય તણાવ, ધીમી આર્થિક વૃદ્ધિ, વધતા શ્રમ અને ઉત્પાદન ખર્ચ અને ટેરિફ જોખમોને કારણે, જાપાની કંપનીઓ તેમની સપ્લાય ચેઈનમાં વૈવિધ્યીકરણ કરી રહી છે અને ચોક્કસ ક્ષેત્રો પર તેમની નિર્ભરતાની સમીક્ષા કરી રહી છે.

# તાઈવાન સંબંધોને લઈને ચીને પેરાગ્વે, બેલીઝના મંત્રીઓ પર પ્રતિબંધો લગાવ્યા

## સંપત્તિ સ્થગિત કરી વિઝા પ્રતિબંધ પણ લાદવામાં આવ્યો

બીજિંગ,

ચીને પેરાગ્વે અને બેલીઝના મંત્રીઓ પર તાઈવાન સાથેના રાજદ્વારી સંબંધોને લઈને પ્રતિબંધોની જાહેરાત કરી, જે સ્વ-શાસિત ટાપુ છે જેને બેઈજિંગ પોતાનો પ્રદેશ ગણાવે છે.

પેરાગ્વેના સંદેશાવ્યવહાર મંત્રી ગુસ્તાવો વિલાટે અને બેલીઝના વિદેશ મંત્રી ફ્રાન્સિસ ફોન્સેકા સામેના પગલાંમાં ચીનમાં તેમની સંપત્તિઓ સ્થગિત કરવી, વિઝા નકારવા અને ચીની સંગઠનોને તેમની સાથે વ્યવસાય કરવા પર પ્રતિબંધ મૂકવાનો સમાવેશ થાય છે, એમ બેઈજિંગના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

મંત્રાલયે ઓનલાઈન નિવેદનોમાં જણાવ્યું હતું કે, "કેટલાક ચીન વિરોધી રાજકારણીઓ... સ્વાર્થથી પ્રેરિત, પેરાગ્વે અને બેલીઝના તાઈવાન સાથેના રાજદ્વારી સંબંધોને હઠીલા સમર્થન આપ્યું છે".

બેઈજિંગે કહ્યું કે મંત્રીઓએ "શ્રેણીબદ્ધ ઘૃણાસ્પદ પગલાં અને નિવેદનો લીધા છે... જે ચીનના મુખ્ય હિતોને નુકસાન પહોંચાડે છે".

સોમવારથી અમલમાં આવેલા આ પ્રતિબંધો "રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ" અને "અલગતાવાદી પ્રવૃત્તિઓનો વિરોધ" કરવા માટે હતા, તેમાં ઉમેર્યું હતું.

તાઈવાન દ્વારા તેનો રાષ્ટ્રીય દિવસ ઉજવાયાના બે દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે.

વિલાટે સોશિયલ મીડિયા પર આ દિવસની ઉજવણી કરતા કહ્યું કે "પેરાગ્વે તેના મિત્રતા અને સહકારના સંબંધોને પુનઃપુષ્ટિ આપે છે, જે સહિયારા મૂલ્યો અને સિદ્ધાંતો પર આધારિત છેઃ લોકોનો સ્વ-નિર્ણય, માનવ અધિકારો અને લોકશાહી".

# ફુગાવાનો દર ૬ થી ૭ ટકા સુધી પણ પહોંચી શકે સિસ્ટમેટિક્સની ભારતીય અર્થતંત્ર માટે ચેતવણી

## ભારતીય રિઝર્વ બેંક ફુગાવાના જોખમોનો અંદાજ ઓછો આંકયો હોવાનો મત




નવીદિલ્હી,

સિસ્ટમેટિક્સના અહેવાલમાં ભારતીય અર્થતંત્ર માટે એક મોટી ચેતવણી જારી કરવામાં આવી છે. અહેવાલ મુજબ, ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) ફુગાવાના જોખમોને ઓછો અંદાજ આપી રહી છે. આગામી ક્વાર્ટરમાં ફુગાવો ૬ થી ૭ ટકા સુધી પહોંચી શકે છે. આને નિયંત્રિત કરવા માટે,આરબીઆઈએ વ્યાજ દરોમાં વધુ વધારો કરવો પડી શકે છે.

અહેવાલમાં જણાવાયું છે કે કેન્દ્રીય બેંકના ફુગાવાના અંદાજો વધતા ઈનપુટ ખર્ચ, વધતી જતી ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓ અને અર્થતંત્રમાં વ્યાપક ભાવ દબાણ સાથે સંકળાયેલા જોખમોને ઓછો અંદાજ આપે છે. સપ્ટેમ્બર ૨૦૨૬ ના આરબીઆઇ સર્વેમાં, ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓ સરેરાશ ૯.૧ ટકા હતી. આ મુખ્ય ફુગાવાના દર કરતા નોંધપાત્ર રીતે વધારે છે અને સતત વધી રહ્યો છે.આરબીઆઇનો ફુગાવાનો પ્રસાર સૂચકાંક એ પણ દર્શાવે છે કે ભાવ દબાણ અનેક શ્રેણીઓમાં ફેલાઈ રહ્યો છે, જેના કારણે ફુગાવાનો ફેલાવો વધી રહ્યો છે. અહેવાલમાં આરબીઆઇના મર્યાદિત માંગ અને પુરવઠા-બાજુના દબાણના મૂલ્યાંકન પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. તે મજબૂત સ્થાનિક વપરાશ, ઉચ્ચ રોકાણ અને ચાલુ પુરવઠા અવરોધો વચ્ચેના મેળ ખાતી નથી.

અહેવાલ મુજબ, ભારતીય કંપનીઓ, ખાસ કરીને ઉત્પાદકો પર ખર્ચ દબાણ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં, બિન-નાણાકીય કંપનીઓ માટે ઈનપુટ ખર્ચમાં વાર્ષિક ધોરણે લગભગ ૪૦% નો વધારો થયો છે.

# કેરળ વિધાનસભાએ CEC જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો

કેરલ

કેરલમ વિધાનસભાએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હોદ્દા પરથી હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો. કોંગ્રેસ તેમના પર 'મત ચોરી'ના મામલે ભારતીય જનતા પાર્ટી (BJP) સાથે સાંઠગાંઠ કરવાનો આરોપ લગાવી રહી છે.

૧૬મી કેરલમ

વિધાનસભાના બીજા સત્રના પ્રથમ દિવસે પસાર કરાયેલા આ ઠરાવમાં ત્રણ માંગણીઓ કરવામાં આવી હતી અને ભારતીય ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ન થઈ શકે તે વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં માંગ કરવામાં આવી હતી કે 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) ઝુંબેશમાં રહેલી અનિયમિતતાઓને દૂર કરવામાં આવે અને ભૂલથી યાદીમાંથી બાકાત કરાયેલા તમામ પાત્ર મતદારોના મતાધિકાર પુનઃસ્થાપિત કરવામાં આવે.

આ ઉપરાંત, ઠરાવમાં જણાવાયું છે કે કુમારને હટાવવા જોઈએ કારણ કે તેમની "નિષ્પક્ષતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે".

'મતાધિકાર એ લોકશાહીનો પાયો છે'

ઠરાવમાં એવી માંગ પણ કરવામાં આવી હતી કે ચૂંટણી કમિશનરોની પસંદગી કરતી સમિતિનું પુનર્ગઠન કરવામાં આવે અને તેમાં વડાપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા (LoP) અને ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)નો સમાવેશ કરવામાં આવે. મુખ્યમંત્રી વી.ડી. સતીશને 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર કહ્યું, "મતાધિકાર એ આપણી લોકશાહીનો પાયો છે. કોઈ પણ સંસ્થાને આપણા નાગરિકોના બંધારણીય અધિકારોને નબળા પાડવાની મંજૂરી આપી શકાય નહીં.

# બ્રિમ્સટેક સમિટ પછી બાંગ્લાદેશના ગૃહમંત્રીએ ભારતની મુલાકાત લેવાનો ઈનકાર કર્યો

## બેઠકમાં પ્રાદેશિક સુરક્ષા, આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓ પર ચર્ચા થશે

નવીદિલ્હી,

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને કારણે, ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદ નવી દિલ્હીમાં યોજાનારી બ્રિમ્સટેક દેશોના ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકમાં હાજરી આપશે નહીં. તેમના સ્થાને, ઢાકાનું પ્રતિનિધિત્વ એક વરિષ્ઠ અમલદારના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવશે.

બાંગ્લા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, ગૃહ બાબતોના વરિષ્ઠ સચિવ મંજૂર મોર્શેદ ચૌધરી બે દિવસીય બેઠકમાં બાંગ્લાદેશી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. આ બેઠક સોમવારથી સભ્ય દેશોના ગૃહ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે શરૂ થશે.

નોંધનીય છે કે સભ્ય દેશોના ગૃહ પ્રધાનોની બેઠક મંગળવારે યોજાવાની છે. બે ઓફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશનએ બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ કરતું પ્રાદેશિક જૂથ છે.

તેનો હેતુ બંગાળની ખાડીની સરહદ અને તેની આસપાસના દેશો વચ્ચે આર્થિક અને તકનીકી સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. બાંગ્લાદેશે એપ્રિલ ૨૦૨૫ માં બ્રિમ્સટેકની અધ્યક્ષતા સંભાળી હતી. બ્રિમ્સટેકગૃહમંત્રીઓની પ્રથમ બેઠકનો હેતુ દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા અને બંગાળની ખાડી ક્ષેત્રના સભ્ય દેશો વચ્ચે સુરક્ષા સહયોગને મજબૂત બનાવવાનો છે.

જોકે અહેવાલોમાં અહેમદની ગેરહાજરીનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, ઓગસ્ટ ૨૦૨૪ માં શેખ હસીના સરકારની હકાલપટ્ટી પછી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં બગાડ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારબાદ હસીનાએ ભારતની મુલાકાત લીધી હતી. ગયા મહિને, વડા પ્રધાન તારિક રહેમાને બ્રિમ્સટેક અધ્યક્ષ તરીકે ભારત સરકાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં, નવી દિલ્હીમાં બ્રિકસ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપી ન હતી.

# રોબર્ટ ઇ. હોલ અને માઈકલ વુડફોર્ડને આર્થિક સ્થિરતા પરના સંશોધન માટે અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર

વોશિગ્ટન,

અમેરિકન અર્થશાસ્ત્રીઓ રોબર્ટ ઇ. હોલ અને માઈકલ વુડફોર્ડને અર્થતંત્રમાં વધઘટને નિયંત્રિત કરવા પરના તેમના સંશોધન માટે અર્થશાસ્ત્રમાં નોબેલ મેમોરિયલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે સોમવારે સ્ટોકહોમમાં આ પુરસ્કારની જાહેરાત કરી. "મેક્રોઈકોનોમિક સ્થિરતાના સૂક્ષ્મ આર્થિક પાયા" પરના તેમના કાર્ય માટે આ બંને અર્થશાસ્ત્રીઓને સન્માનિત કરવામાં આવ્યા છે.

તેમનું સંશોધન સરકારો અને કેન્દ્રીય બેંકોને આર્થિક કટોકટી અને અચાનક ફેરફારોનો સામનો કરવામાં મદદ કરે છે. એકેડેમીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને અર્થશાસ્ત્રીઓના કાર્યથી આર્થિક વધઘટ ઘટાડવામાં મદદ મળી છે.

પુરસ્કાર પસંદગી સમિતિના અધ્યક્ષ જોન હેસલરે જણાવ્યું હતું કે બંને અર્થશાસ્ત્રીઓના સંશોધનથી આર્થિક મોડેલોના વિકાસ માટે એક મજબૂત સૈદ્ધાંતિક પાયો પૂરો પડ્યો છે જેનો ઉપયોગ હવે વિશ્વભરની કેન્દ્રીય બેંકો અને સરકારો દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે આ મોડેલો ઊર્જા કટોકટી અથવા ઘરગથ્થુ ખર્ચમાં અચાનક ફેરફાર જેવા આર્થિક પડકારો માટે વધુ સારી રીતે તૈયારી કરવામાં મદદ કરી શકે છે. રોબર્ટ ઇ. હોલ યુએસએના કેલિફોર્નિયામાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના છે, જ્યારે માઈકલ વુડફોર્ડ ન્યૂ યોર્કની કોલંબિયા યુનિવર્સિટીના છે. પુરસ્કારની જાહેરાત થયા પછી, વુડફોર્ડે ન્યૂ યોર્કથી ફોન પર સમિતિ સાથે વાત કરી.

# રશિયા અને યુક્રેન ઊર્જા માળખા પર હુમલો ન કરવા સંમત થયા હોવાનો ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

## જોકે રશિયા અને યુક્રેન તરફથી સત્તાવાર નિવેદન હજુ બાકી



વોશિંગ્ટન,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મુખ્ય નિવેદન જારી કર્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ટ્રૂથ સોશિયલ હેન્ડલ પર પોસ્ટ કર્યું, "રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં ઉર્જા યુદ્ધવિરામ હવે અમલમાં આવી ગયો છે. બંને પક્ષો આ માટે સંમત થયા છે. તેને તોડશો નહીં! આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર."

ઊર્જા યુદ્ધવિરામનો અર્થ એ છે કે રશિયા અને યુક્રેન એક મર્યાદિત, પરસ્પર કરાર પર પહોંચ્યા છે જેના હેઠળ બંને દેશો એકબીજાના ઊર્જા માળખા પર હુમલો નહીં કરે. આ સંપૂર્ણ યુદ્ધવિરામ નથી; તે ફક્ત ઊર્જા ક્ષેત્ર સુધી મર્યાદિત છે.

સરળ શબ્દોમાં કહીએ તો, તેનો સીધો અર્થ એ છે કે યુક્રેન રશિયન તેલ રિફાઈનરીઓ, તેલ સંગ્રહ સુવિધાઓ, ગેસ સુવિધાઓ અને અન્ય ઊર્જા નિકાસ સુવિધાઓ પર ડ્રોન અને મિસાઈલ હુમલા બંધ કરશે. રશિયા યુક્રેનના પાવર ગ્રીડ, પાવર પ્લાન્ટ, હીટિંગ સિસ્ટમ, સબસ્ટેશન, પેટ્રોલ પંપ અને અન્ય ઊર્જા સુવિધાઓ પર હુમલા બંધ કરશે.

કારણ કે આ સંપૂર્ણ યુદ્ધવિરામ નથી, એવું કહી શકાય નહીં કે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ થયો છે. તેનાથી વિપરીત, એવું કહી શકાય કે રશિયા અને યુક્રેન વચ્ચે ઊર્જા યુદ્ધવિરામ થયો છે. બાકીનું યુદ્ધ રાબેતા મુજબ ચાલુ રહેશે. નોંધનીય છે કે રશિયા અને યુક્રેન લાંબા સમયથી યુદ્ધમાં છે. બંને દેશો એકબીજાના ઊર્જા માળખાને નિશાન બનાવી રહ્યા છે.

# જંતર-મંતર પર હવે વિરોધ પ્રદર્શન નહીં થાય : ત્રણ નવા સ્થળો નક્કી કરવામાં આવ્યા : દિલ્હી પોલીસે આદેશ જારી કર્યો

## દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી મેદાન અને સીબીડી મેદાનને નવા સ્થળો તરીકે જાહેર કરવામાં આવ્યા



નવીદિલ્હી,

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન અને ધરણા માટેના સ્થળો અંગે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના નવા આદેશ અનુસાર, જંતર-મંતરને હવે વિરોધ સ્થળ તરીકે માન્યતા આપવામાં આવી નથી. તેના બદલે, પૂર્વ દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડને નવા વિરોધ સ્થળો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જયારે રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો અંગે ચર્ચા ચાલી રહી છે.

આ માહિતી દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા જારી કરાયેલ સ્ટેન્ડિંગ ઓર્ડર નંબર એલએન્ડઓ/૪૮/૨૦૨૬ માં આપવામાં આવી છે. આદેશ અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નાગરિકોના પ્રદર્શન અને વિરોધ કરવાના અધિકારને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક સ્થળો ઓળખવા માટે એક સમિતિની રચના કરી હતી. સમિતિને હાલના નિયુક્ત સ્થળના વિકલ્પો શોધવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેની ભલામણોના આધારે, જંતર-મંતરને વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે.

દિલ્હી પોલીસના આદેશમાં જણાવાયું છે કે આ ત્રણેય સ્થળોએ વિરોધ પ્રદર્શનો કરવા માટે વિગતવાર અને સુધારેલા માનક સંચાલન પ્રક્રિયાઓ અલગથી જારી કરવામાં આવશે. આનો અર્થ એ છે કે વિરોધ પ્રદર્શનો યોજવા માટેની પ્રક્રિયા અને સંબંધિત માર્ગદર્શિકા અંગેની માહિતી પછીથી આપવામાં આવશે. આ આદેશ હાલમાં નવા નિયમોની સંપૂર્ણ વિગતો પ્રદાન કરતો નથી. તેથી, વિરોધ પ્રદર્શનો કરવા માટેની શરતો, પરવાનગી મેળવવા માટેની પ્રક્રિયા અને અન્ય વ્યવસ્થાઓ અંગે સ્પષ્ટ માહિતી અલગ આદેશ જારી કર્યા પછી જ ઉપલબ્ધ થશે.

દિલ્હી પોલીસનો આ આદેશ ૨૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલ સ્ટેન્ડિંગ ઓર્ડરમાં આંશિક રીતે સુધારો કરે છે. નવા આદેશમાં જંતર-મંતરને વિરોધ સ્થળ તરીકે દૂર કરવામાં આવ્યું છે અને ત્રણ નવા સ્થળોને નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા માટે સુધારેલા એસઓપી પછીથી જારી કરવામાં આવશે. આ આદેશ પર દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

# રાહુલ ગાંધી સહિત અગિયાર વિપક્ષી નેતાઓએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી



નવીદિલ્હી,

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ મતદાર યાદીના ખાસ ઊંડાણપૂર્ણ સુધારા (એસઆઈઆર) અંગે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. અરજીમાં મોટા પાયે કાઢી નાખવા અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓના આરોપો ઉઠાવવામાં આવ્યા છે. કોંગ્રેસ સહિત વિપક્ષી પક્ષોના નેતાઓએ આ મામલે ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે. રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની પણ માંગ કરી છે.માર્ગ ઉપર ઉતરતા પહેલા વિરોધ પક્ષોની રણનીતિને તે સમયે મોટો આંચકો આપ્યો જયારે ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સાથે તેમની મુલાકાત સંભવ ન થઇ શકી સીજેઆઇએ વિરોધ પક્ષોને સ્પષ્ટ સંદેશ આપ્યો કે આ વિષય પહેલા જ વિચારાધીન(સબ જ્યુડિસ) છે આથી પ્રશાસનિક રીતે અરજી સોંપવાની જગ્યાએ તેમને ન્યાયિક પ્રક્રિયા હેઠળ ઔપચારિક અરજી દાખલ કરી સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવવો જોઇએ

અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં ૧૧ નેતાઓના નામ છે. આમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોય, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી પ્રસાદ યાદવનો સમાવેશ થાય છે. અરજીમાં શિવસેના (યુબીટી) ના સંજય રાઉત, સીપીઆઈ(એમ) ના એમ.એ. બેબી, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના ડી. રાજા, ઝારખંડ મુક્તિ મોરચાના મહુઆ માજી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) ના સુપ્રિયા સુલે અને ભારતીય યુનિયન મુસ્લિમ લીગના ઇ.ટી. મોહમ્મદ બશીરનું પણ નામ છે.

આ અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીને પ્રતિવાદી તરીકે નામ આપવામાં આવ્યા છે. વિપક્ષી નેતાઓએ એસઆઈઆર પ્રક્રિયા અને મત ચોરીના આરોપો અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની પણ માંગ કરી છે.

રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સાથે મુલાકાતની વિનંતી કરી હતી. તેઓ મતદાર યાદી અને ચૂંટણી પંચને લગતા મુદ્દાઓ અંગે એક મેમોરેન્ડમ સબમિટ કરવા માંગતા હતા.

# લાલપુરમાં પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારીની ઘરમાં ઘૂસી ઘાતકી હત્યા

## મનસુખભાઈ વાછાણીનો મૃતદેહ ઘરમાંથી મળી આવ્યો : માથામાં ઈજાના પાંચ નિશાન : ઘરની ચીજવસ્તુઓ વેરવિખેર હોવાથી લૂંટના ઈરાદે હત્યાની આશંકા : ઘરમાં નોકરાણી તરીકે કામ કરતી સગીરા અને અક્ષય નામનો યુવાન ગુમ





જામનગર : જામનગર જિલ્લાના લાલપુરમાં પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારીની ઘરમાં જ ઘાતકી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગઈ કાલે રાત્રે તેમના ઘરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના માથાના ભાગે ઈજાનાં પાંચ નિશાન જોવા મળતાં તેમની હત્યા કરવામાં આવી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ઘરની અંદર ચીજવસ્તુઓ વેરવિખેર હાલતમાં મળી આવતાં રોકડ રકમ અથવા અન્ય માલમત્તાની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હોવાની દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, લાલપુરમાં રહેતા મનસુખભાઈ રામજીભાઈવાછાણી (૬૬) પીજીવીસીએલમાંથી નિવૃત્ત થયા બાદ પોતાના ઘરે એકલા રહેતા હતા. તેમના પત્ની અને પુત્ર અમદાવાદમાં રહે છે. પુત્ર અમદાવાદમાં કારખાનું ચલાવતા હોવાથી તથા પરિવારનાં બે નાનાં બાળકોની સંભાળ રાખવાની જવાબદારીને કારણે મનસુખભાઈનાં પત્ની પણ અમદાવાદમાં રહેતાં હતાં. આથી લાલપુરમાં મનસુખભાઈ એકલા જ રહેતા હતા.

દરમિયાન, ગઈ કાલે રાત્રે મનસુખભાઈના ઘરમાંથી કોઈ હલચલ જણાતી ન હતી. તેમના ઘરના દરવાજાને બહારથી તાળું મારેલું ન હોવાની અને ઘરની લાઈટ પણ ચાલુ ન થતી હોવાની બાબતથી આસપાસના રહેવાસીઓને શંકા ગઈ હતી. આથી પાડોશીઓએ મનસુખભાઈના લાલપુરમાં જ રહેતા નાના ભાઈ મહેન્દ્રભાઈ વાછાણીને જાણ કરી હતી. મહેન્દ્રભાઈએ ઘરે પહોંચીને દરવાજો ખોલી તપાસ કરતાં મનસુખભાઈ મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ બનાવની જાણ પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લાલપુરના ઈન્ચાર્જ પોલીસ અધિકારી ડી.સી. ગોહિલ સહિત પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. મૃતકના માથાના ભાગે ઈજાનાં પાંચ નિશાન મળી આવતાં તેમની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાતાં પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી હતી. ઘટનાની જાણ થતાં એએસપી અને એલ.સી.બી. સહિતની પોલીસ ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ ચકચારી બનાવમાં પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન ઘરમાં કામકાજ માટે આવતી એક સગીરા અને તેના સંપર્કમાં રહેલા યુવાનની ભૂમિકા અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. આ સગીરા હાલ ગુમ હોવાનું અને તેની સાથે સંપર્કમાં રહેલો અક્ષય નામનો યુવાન પણ મળી આવતો ન હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે. પોલીસે બંનેને શોધવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે. જોકે, હત્યામાં તેમની સંડોવણી અંગે હજુ સુધી કોઈ અંતિમ તારણ બહાર આવ્યું નથી.

મનસુખભાઈના ઘરમાં ચીજવસ્તુઓ વેરવિખેર હાલતમાં મળી આવતાં ઘરમાંથી રોકડ રકમ અથવા અન્ય કીમતી વસ્તુઓની ચોરી થઈ છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. લૂંટના ઈરાદે ઘરમાં પ્રવેશ કરીને હત્યા કરવામાં આવી હોવાની શક્યતા નકારી શકાય તેમ ન હોવાથી પોલીસે આ દિશામાં પણ તપાસ શરૂ કરી છે. મૃતકના ઘરમાં પ્રવેશ કોણે કર્યો, હત્યા કયા હથિયારથી અને કયા સંજોગોમાં કરવામાં આવી તથા બનાવ પાછળનો ચોક્કસ હેતુ શું હતો તે સહિતના મુદ્દાઓની તપાસ હાથ

# જેએનયુમાં વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના મામલે ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ-પ્રદર્શન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ)માં વિદ્યાર્થીનીઓની જાતીય સતામણી અને શારીરિક શોષણના ગંભીર આક્ષેપોના મામલે કોંગ્રેસના સાંસદ અગોમચા બિમોલ અકોઈઝમ સામેના મુદ્દે કોંગ્રેસના નેતાઓની ચુપકીદીના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા, જામનગર શહેર દ્વારા ટાઉનહોલ નજીક આવેલા કોંગ્રેસ કાર્યાલય સામે ધરણાં-પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મહિલા મોરચાની આગેવાનોએ આ મામલે કોંગ્રેસના વલણ સામે આક્રોશ વ્યક્ત કરી સાંસદને પક્ષમાંથી બરતરફ કરવાની માગણી કરી હતી.

આ કાર્યક્રમમાં ભાજપ મહિલા મોરચાનાં અધ્યક્ષા દક્ષાબેન અગ્રાવતે જણાવ્યું હતું કે, કોંગ્રેસ મહિલા સન્માનની વાતો તો મોટી-મોટી કરે છે, પરંતુ તેના આચરણમાં મહિલાઓના સન્માન પ્રત્યેની પ્રતિબદ્ધતા ક્યાંય દેખાતી નથી. કોંગ્રેસના સાંસદ સામે વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના ગંભીર આક્ષેપો થયા હોવા છતાં મહિલાઓના હિતરક્ષક હોવાનો દાવો કરતા રાહુલ ગાંધી, પ્રિયંકા વાડ્રા સહિતના કોંગ્રેસના નેતાઓના મોઢામાંથી એક શબ્દ પણ નીકળતો નથી, જે દુર્ભાગ્યપૂર્ણ છે.

દક્ષાબેન અગ્રાવતે કોંગ્રેસના સાંસદ સામેના જાતીય સતામણીના આક્ષેપોની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને કોંગ્રેસને પડકાર ફેંકતાં જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ ખરેખર મહિલાઓના સન્માન અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ હોય, તો સંબંધિત સાંસદને પક્ષમાંથી તાત્કાલિક બરતરફ કરે. આ મામલે કોંગ્રેસના મૌન અને તેના વલણ અંગે તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

આ ધરણાં-પ્રદર્શનમાં ભાજપનાં શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, મેયર મોનિકાબેન વ્યાસ, મહિલા મોરચાનાં અધ્યક્ષ દક્ષાબેન અગ્રાવત, જિલ્લા મહિલા મોરચાનાં અધ્યક્ષ ધરતીબેન મજીઠિયા, પૂર્વ મેયર અમીબેન પરીખ, પ્રદેશ મહિલા મોરચાનાં મંત્રી ભાવિષાબેન ધોળકિયા, મહિલા મોરચાનાં મહામંત્રી અવનિબેન ત્રિવેદી, નિકિતાબેન કુંવારિયા સહિતનાં આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલા મોરચાની કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઓખા નગરપાલિકામાં પર ફરી ભાજપનો દબદબો

## કુલ ૩૬માંથી ૩૩ બેઠકો પર જીત મેળવી : કોંગ્રેસના માત્ર ઉમેદવાર જીત્યા, 'આપ' નું ખાતું જ ખુલ્યું નહિ



તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ફરી એકવાર સ્પષ્ટ બહુમતી સાથે સત્તા જાળવી રાખી છે. પ્રચંડ બહુમતી સાથે પાલિકામાં વધુ એક વખત ભગવો લહેરાયો છે. મતદાન બાદ આજે ગણતરી હાથ ધરાઈ હતી. જેમાં નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૩ બેઠકો પર ભાજપે જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસનું પણ ખાતું ખુલ્યું હતું અને માત્ર ત્રણ બેઠકો પર કોંગ્રેસે પણ બાજી મારી હતી. આ પરિણામ સાથે ઓખા નગરપાલિકા પર ફરી ભાજપનું શાસન નિશ્ચિત બન્યું છે.

ચૂંટણીમાં વોર્ડ નંબર ૭માં કોંગ્રેસના ત્રણેય ઉમેદવારોએ જીત મેળવીને પોતાનું સ્થાન જમાવ્યું છે. જોકે, અન્ય બેઠકો પર ભાજપના ઉમેદવારોએ બહુમતી મેળવી નગરપાલિકામાં ભાજપનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ઓખા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે જંગી બહુમતી સાથે સત્તા પર પુનરાગમન કર્યું છે, જ્યારે કોંગ્રેસે ત્રણ બેઠકો સાથે સંતોષ માનવાનો વારો આવ્યો હતો.

આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી દ્વારા કુલ ૩૬ બેઠકોમાંથી ૧૫ બેઠકો ઉપર તેમના ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા પરંતુ એક પણ ઉમેદવારની જીત ન થતાં આપનું ખાતુ પણ ખૂલ્યુ ન હતું.

# જોડીયાના પીઠડ ગામે પિતા-પુત્ર પર શખ્સનો ધોકા વડે હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના પીઠળ ગામે ગાળો બોલવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના બનાવમાં લાકડાના ધોકા વડે હુમલો કરી પિતા-પુત્રને ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જોડિયા તાલુકાના પીઠડ ગામમાં રહેતા આમીનભાઈ ઉર્ફે વલો આલમભાઈ કટિયા (ઉ.વ. ૩૯)ના પુત્ર આફ્રીદ ગામમાં દૂધ લેવા ગયો હતો ત્યારે ગામના જ ભરતભાઈ અવચરભાઈ મેંદપરાએ તેને ગાળો ભાંડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પુત્રનો ફોન આવતાં ફરિયાદી સ્થળ પર પહોંચ્યા હતા. તે સમયે ભરતભાઈએ લાકડાના ધોકા વડે આફ્રીદના પીઠના ભાગે માર મારતાં તેને ઈજા થઈ હતી. ત્યારબાદ ફરીથી ધોકાથી હુમલો કરવા જતાં ફરિયાદીએ વચ્ચે હાથ નાખતાં તેમના જમણા હાથમાં પણ ઈજા થઈ હતી. આ બનાવ અંગે આમીન કટિયાએ ફરિયાદ નોંધાવતાબ જોડીયા પોલીસે આરોપી ભરત મેંદરડા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રિલાયન્સ ગ્રીન્સમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન

## બોલિવૂડ સ્ટાર વરુન ધવનનું સાથે કીર્તિદાન ગઢવીનું શાનદાર પરફોર્મન્સ બાદ સિદ્ધાર્થ મલ્હોત્રા અને તાપસી પન્નુ બન્યા અંબાણી પરિવારના મહેમાન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના રિલાયન્સ ગ્રીન્સ ખાતે નવરાત્રીનું શાનદાર આયોજન કરાયું છે. જેમાં પ્રથમ દિવસે બોલિવૂડ સ્ટાર વરુન ધવન અને ગુજરાતી ગાયક કિર્તીદાન ગઢવીએ પોતાના અનોખા અંદાજમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. વરુન ધવન સંપૂર્ણ ગુજરાતી સંસ્કૃતિના રંગે રંગાયા હોય તેમ પરંપરાગત ભરતગૂંથણ સાથેનું કેડિયું પહેરી તેઓએ કેમ છે જામનગર કહીને લોકોનો ઉત્સાહ વધાર્યો હતો અને જામનગરના વખાણ કર્યા હતા.

ત્યારબાદ ગઈકાલે બીજા નોરતે તા.૧૨ ના રોજ રાત્રે સિદ્ધાર્થ મલ્હોત્રા અને તાપસી પન્નુનું પર્ફોમન્સ કર્યું હતું. જેમાં સહભાગી થવા માટે સિદ્ધાર્થ મલ્હોત્રા અને તાપસી પન્નુ બપોર બાદ મુંબઈથી ખાસ વિમાન મારફતે જામનગર એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા. જ્યાંથી વિશાળ સિક્યુરિટી કાફલા સાથે રિલાયન્સ ગ્રીન્સ ખાતે જવા રવાના થયા હતા.

# આરંભડા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા યુવાનનું મૃત્યુ

દ્વારકા : દ્વારકા તાબેના આરંભડા રોડ પર બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં દેવપરા ગામના યુવાનનું ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પરિવારમા કરુણ કલ્પાંત છવાઈ ગયો છે. આ બનાવ અંગે મૃતક મોટરસાયકલ ચાલક યુવાનના ભાઈની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે અન્ય મોટરસાયકલ ચાલક સામે ફરિયાદ દાખલ કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા તાલુકાના દેવપરા ગામમાં આવેલ રામાપીરના મંદિરની બાજુમાં રહેતો ગજુભા મુંજાભા જગતીયા નામનો ૩૫ વર્ષનો શ્રમિક યુવાન ગઈકાલે પોતાનું જી. જે. ૩૭. કયુ. ૪૩૧૩ નંબરનું મોટરસાયકલ ચલાવી આરંભડા ગામના રોડ પરથી પસાર થતો હોય આ વેળાએ તેને અન્ય એક જી. જે. ૩૭. આર. ૧૪૮૫ નંબરના મોટરસાયકલ ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત સર્જતા ગજુભાને શરીરે જુદા - જુદા ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો પરંતુ દુર્ભાગ્યે સારવાર કારગત નીવડે તે પહેલા જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે જાણ થતા મીઠાપુર પોલીસ વિભાગ સ્થળપર દોડી ગયો હતો મૃતક યુવાનના ભાઈ બાલુભા જગતીયાની ફરિયાદ પરથી જી. જે. ૩૭. આર. ૧૪૮૫ નંબરના મોટરસાયકલ ચાલક સામે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જોડીયાના ભીમકટા ગામે બેફામ પિકઅપની ટક્કરથી વૃદ્ધને ઈજા

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના ભીમકટા ગામે સરમરિયા દાદાના મંદિર પાસે બેફિકરાઈથી ચલાવવામાં આવતી પિકઅપ બોલેરોની ટક્કરથી મોટરસાઈકલ વૃદ્ધના પગ પર પડતાં તેમને ઈજા થઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ જોડિયાના ભીમકટા ગામમાં રહેતા બળવંતસિંહ જાલમસિંહ જાડેજા (ઉ.વ. ૬૫) અન્ય ગ્રામજનો સાથે બાકડા પર બેઠા હતા. તે દરમિયાન હીરાભાઈ નથુભાઈ શેખવા પોતાની પિકઅપ બોલેરો (જીજે-૧૦-ટીટી-૨૨૨૫) પૂરઝડપે અને બેદરકારીથી ચલાવી ત્યાં પડેલી એચએફ ડિલક્સ મોટરસાઈકલ (જીજે-૧૦-સીજે-૪૧૮૬)ને ટક્કર મારી હતી. જે અકસ્માતમાં બળવંતસિંહને ડાબા પગના ઢીંચણ પર પડતાં તેમને ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે બળવંતસિંહાએ જોડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા હીરાભાઈ શેખવા સામે નોંધી તપાસ હાથ ધરી છે.

# બેટ-દ્વારકા મંદિરના સિક્યોરિટીને મારકુટ કરી મારી નાખવાની ધમકી

## મંદિરના એક્ઝીટ ગેટ ખાતેથી દર્શન કરવા જતા રોકતા પાંચ શખ્સે કર્યો ડખ્ખો

દ્વારકા : બેટ - દ્વારકામાં મંદિરે દર્શન કરવા ગયેલ પાંચ શખ્સે બહાર નીકળવાના રસ્તેથી દર્શન કરવા ડખ્ખો કરી સિક્યોરિટી ગાર્ડને મારકુટ કરી પતાવી દેવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાઈ છે આ બનાવ અંગે પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર હાલ બેટ દ્વારકા ખાતે રહેતા અને સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા બીરેન્દ્ર નામના યુવાનને મહેન્દ્રસિંહ મહોબતસંગ પરમાર, સૌરભસિંહ રણુભાઈ પરમાર, ઘનશ્યામભાઈ તરસંગ પરમાર, નરેન્દ્ર મુળુભાઈ અને વખતસંગ શિવુભા પરમાર વિગેરેએ ગેરકાયદેસર મંડળી રચી બોલાચાલી કરી ગાળો કાઢી ઝપાઝપી કરી ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પાંચેય સામે સિક્યોરિટી સુપરવાઝર ચંદનકુમાર રોય દ્વારા બેટ - દ્વારકા પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા હે. કો. બી. એ. લીબાચીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે. મારકૂટનો ભોગ બનનાર બીરેન્દ્ર બેટ - દ્વારકા ખાતે દ્વારકાધીશ મંદિરે સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હોઈ તેઓએ આરોપીઓને એક્ઝીટ ગેટ ખાતેથી દર્શન કરવા જતા રોકતા ડખ્ખો થયો હતો.

# જામનગર જિલ્લા જેલમાં કેદીઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી કરી માતાજીની આરાધના



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર જિલ્લાની માફક જિલ્લા જેલમાં પણ નવરાત્રી પર્વને લઈ ધાર્મિક માહોલ જામ્યો છે. ત્યારે જેલમાં પણ કેદીઓ અને પોલીસ સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ગરબા રમી નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. જેલમાં આયોજિત નવરાત્રી મહોત્સવ દરમિયાન કેદીઓએ રાસ-ગરબામાં સહભાગી બની માતાજીની આરાધના કરી હતી. જેલના વાતાવરણમાં ભક્તિ અને ગરબાની રમઝટ જોવા મળી હતી. કેદીઓમાં સદ્ભાવના, સકારાત્મકતા અને માનવીય સંવેદનાઓ જળવાઈ રહે તેમજ તેમનામાં પારિવારિક લાગણીની ભાવના જીવંત રહે તેવા હેતુથી જેલમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન કેદીઓ માટે દરરોજ પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આ આયોજન કેદીઓમાં સકારાત્મક અભિગમ કેળવવા અને તહેવારો સાથે જોડાયેલી ધાર્મિક લાગણીઓને જીવંત રાખવાનો પ્રયાસ બની રહ્યું છે.